પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૧૨-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દુનિયામાં કોરોના

## ચીનની ભયાનક હાલત, ચાલુ ક્લાસે બાળકોને બાટલા ચડાવાઈ રહ્યા છે, સ્મશાનમાં ૨૦ દિવસનું વેઈટિંગ



બીજીંગ,

ચીનમાં કોરોનાને કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. લંડનસ્થિત ગ્લોબલ હેલ્થ ઈન્ટેલિજન્સ કંપની એરફિનિટીનું કહેવું છે કે ચીનમાં દરરોજ ૧૦ લાખ કોરોના દર્દીઓ સામે આવી રહ્યા છે તેમજ ૨૪ કલાકમાં ૫ હજાર મોત થયા છે. જો આવી જ સ્થિતિ રહેશે તો જાન્યુઆરીમાં દૈનિક કેસ વધીને ૩૭ લાખ પર પહોંચી જશે, જ્યારે માર્ચમાં આ આંકડો ૪૨ લાખ હશે.

ચીન અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી પર નજર રાખતી હ્યુમન રાઈટ એક્ટિવિસ્ટ જેનિફર ઝેંગે કેટલાક વીડિયો પોસ્ટ કર્યા છે. જેમાં એક વીડિયોમાં એવું નજરે પડી રહ્યું છે કે ક્લાસમાં અભ્યાસ કરતી વખતે પણ બાળકોને બોટલ ચઢાવવામાં આવી રહી છે કારણ કે તેમને સંક્રમણ લાગ્યું છે. જ્યારે અન્ય એક વીડિયોમાં સ્મશાનગૃહમાં લાંબી કતાર જોવા મળી રહી છે. જાણવા મળી રહ્યું છે કે સ્મશાનગૃહોમાં અંતિમ સંસ્કાર માટે ૨૦ દિવસનું વેઈટિંગ છે.જોકે ચીનના સત્તાવાર આંકડાઓમાં બુધવારે માત્ર ૨ હજાર ૯૬૬ નવા કેસ અને ૧૦ લોકોનાં મોત નોંધાયાં છે. આ પહેલાં એરફિનિટીએ પોતાના અનુમાનમાં જણાવવામાં આવ્યું હતું કે ચીનમાં ઝીરો કોવિડ પોલિસી ખતમ થયા બાદ ૨૧ લાખ લોકોનાં મોત થઈ શકે છે.

વિશ્વભરમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોનાના ડેટા પર નજર રાખતી સંસ્થા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં કોરોનાના ૪.૯૨ લાખ કેસ નોંધાયા છે તેમજ કોરોનાને કારણે ૧૩૭૪ લોકોનાં મોત થયાં છે. જાપાનમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧.૮૪ લાખ કેસ નોંધાયા છે. જ્યારે અમેરિકામાં ૪૩૨૬૩, ફ્રાન્સમાં ૪૯૫૧૭, બ્રાઝિલમાં ૪૩૩૯૨, દક્ષિણ કોરિયામાં ૭૫૭૪૪ કેસ મળી આવ્યા છે.છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૨૮૯ લોકોનાં મોત થયાં છે, જ્યારે જાપાનમાં કોરોનાથી ૩૩૯ લોકોનાં મોત થયાં છે, બ્રાઝિલમાં ૧૬૫ લોકોનાં મોત થયાં છે.ચીનના યુનાન પ્રાંતમાં મ્યાનમારને અડીને આવેલા રુઈલી શહેરની સરહદ પર મોશન સેન્સર અને ઈલેક્ટ્રીફાઈડ ફેન્સીંગ લગાવવામાં આવી છે.

ચીન બાદ જાપાનમાં કોરોનાનું જોખમ વધી ગયું છે. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, અહીં ૮મી લહેર આવી ગઈ છે અને ઓમિક્રોન વેરિયન્ટને કારણે છે, બાળકો મૃત્યુ પામી રહ્યાં છે. ૮ મહિનામાં ૪૧ બાળકોએ જીવ ગુમાવ્યો છે. ચીનમાં બગડતી પરિસ્થિતિએ જાપાનની ચિંતા વધારી દીધી છે.નિષ્ણાતોનું કહેવું છે કે ઓમિક્રોનનું નવું વેરિયન્ટ જીવલેણ સાબિત થઈ શકે છે. ઓમિક્રોન અત્યારસુધીમાં ૪૧ બાળકના જીવ લઈ ચૂક્યો છે. આમાંથી ૧૫ બાળક પહેલેથી બીમાર હતાં. આ ૧૫માંથી ૪ બાળક એક વર્ષથી નાની વયનાં હતાં. ૨ બાળક ૧થી ૪ વર્ષની વયનાં હતાં અને ૯ બાળક ૫ વર્ષ કરતાં વધુ ઉંમરનાં હતાં. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, મૃત્યુ પામેલાં અડધાથી વધુ બાળકો પહેલાંથી જ સ્વસ્થ હતાં અને તેમનામાં કોરોનાનાં કોઈ લક્ષણો નહોતાં.

ચીનની હોસ્પિટલોમાં બેડ ઓછાં પડી રહ્યાં છે. સામૂહિક અંતિમસંસ્કાર કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સરકારે ફરી એકવાર સરહદ સીલ કરવાનું શરૂ કરી દીધું છે. યુનાન પ્રાંતમાં મ્યાનમારની સરહદે આવેલા રુઈલી શહેરમાં બોર્ડર ક્રોસિંગ પર નજર રાખવા માટે કેમેરા અને એલાર્મ લગાવવામાં આવ્યા છે. માત્ર એટલું જ નહીં, મોશન સેન્સર અને ઈલેક્ટ્રિફાઈડ ફેન્સિંગ પણ લગાવવામાં આવી છે.૨૦૨૧માં પણ ચીને સરહદો સીલ કરી દીધી હતી. અન્ય દેશોમાંથી ગેરકાયદે રીતે આવતા લોકોને રોકવા માટે બોર્ડર પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. રશિયા સરહદથી જોડાયેલું શહેર હીયેમાં કોવિડ માટે જવાબદાર લોકો વિશે માહિતી આપનારી વ્યક્તિને ૧૫ લાખ સુધીના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી.

વિદેશથી ચીન પરત ફરેલા નાગરિકે કહ્યું- મને ત્રણ વર્ષમાં કોરોના નથી થયો પરંતુ, થોડા દિવસ પહેલા હું બહારથી પાછો આવ્યો અને સંક્રમણ લાગ્યું. વિશ્વાસ નથી થતો કે વાયરસ આટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે. હું જાણું છું તે દરેકને કોરોનાને કારણે તાવ આવી રહ્યો છે. જો તમે ચીનની બહાર રહેતા હોવ તો ત્યાં જ રહો, અત્યારે દેશમાં પાછા ન ફરો. અમેરિકામાં પણ ઓમિક્રોન વેરિયન્ટ લોકો માટે મુશ્કેલીઓ ઊભી કરી રહ્યું છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના એક અહેવાલ મુજબ, મહામારીની શરૂઆતથી અત્યારસુધીમાં અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦ કરોડને પાર થઈ ગઈ છે. અહીં ઓમિક્રોનના નવા સબ-વેરિયન્ટ્સને ૭૦% કોરોના કેસોનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

### દુનિયામાં કોરોનાના કેસની સ્થિતિ

| દેશ | નવા કેસ | મૃત્યુ | સાજા થયા | એક્ટિવ કેસ |
|---|---|---|---|---|
| અમેરિકા | ૫૧,૧૨૧ | ૩૨૬ | ૬૫,૭૯૪ | ૧૮,૯૧,૬૬૩ |
| ભારત | ૧૪૫ | ૧ | ૧૯૦ | ૪,૪૮૧ |
| ફ્રાન્સ | ૫૪,૬૧૩ | ૧૨૭ | ૬૯,૧૨૩ | ૧૧,૦૯,૫૫૧ |
| જર્મની | ૪૭,૯૮૮ | ૧૭૮ | ૩૩,૩૦૦ | ૬,૨૯,૮૯૦ |
| બ્રાઝિલ | ૪૪,૪૧૫ | ૧૯૭ | ૨૬,૯૭૩ | ૬,૫૩,૭૦૦ |
| સાઉથ કોરિયા | ૮૮,૧૭૨ | ૫૯ | ૫૨,૩૭૦ | ૧૧,૨૯,૦૬૧ |
| જાપાન | ૨,૦૬,૯૪૩ | ૨૯૬ | ૫,૯૯૦ | ૬૫,૭૮,૭૦૭ |
| રશિયા | ૭,૪૪૨ | ૬૦ | ૮,૩૫૯ | ૨૧,૦૯,૦૮૫ |
| ઓસ્ટ્રેલિયા | ૪,૧૭૬ | ૨૨ | - | ૪,૨૦,૫૪૪ |
| હોંગકોંગ | ૧૬,૫૫૩ | ૫૦ | ૫,૯૧૮ | ૪,૦૪,૦૧૯ |

## કોરોના સંકટને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને માસ્ક પહેરવા અપીલ કરી



અમદાવાદ,

ચીનમાં કોરોનાના તાંડવ બાદ જાપાન, અમેરિકા અને યૂરોપના દેશોમાં પણ કોરોના પગ પેસારો કરી રહ્યો છે. જે પછી કોરોનાના વેરિઅન્ટ ગુજરાત અને કેન્દ્ર સરકારની ચિંતા વધારી છે. કોરોનાના વેરિઅન્ટને પગલે કેન્દ્રની સાથે-સાથે રાજ્ય સરકારો પણ એલર્ટ થઈ ગઈ છે. જુદા-જુદા રાજ્યોમાં કોરોના સંબંધિત પગલાં લેવાની શરૂઆત થઈ ચૂકી છે. ઓક્સિજન, દવાઓ, વેન્ટિલેટર સહિતની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે અને કોરોના વોર્ડ ફરીથી સક્રિય કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. ગુજરાત સરકારે પણ આરોગ્ય વિભાગને એલર્ટ કરી દીધા છે. સાથે જ જનતાને પણ માસ્ક પહેરવા અપીલ કરી છે.

કોરોનાના વેરિઅન્ટને પગલે કેન્દ્રની સાથે-સાથે રાજ્ય સરકારો પણ એલર્ટ થઈ ગઈ છે. કોરોના સંકટને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને માસ્ક પહેરવા અપીલ કરી છે. અમદાવાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નેશનલ કોન્ફરન્સમાં ઝસ ભૂપેન્દ્ર પટેલે આ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ઝસ્એ અપીલ કરતા જણાવ્યું કે, મોટા મેળાવડામાં માસ્ક પહેરવુ હિતાવહ છે. આ સાથે ઝસ્એ પ્રિકોશન ડોઝ લેવા માટે પણ લોકોને જણાવ્યું છે.

મહત્વનું છે કે, જુદા-જુદા રાજ્યોમાં કોરોના સંબંધિત પગલાં લેવાની શરૂઆત થઈ ચૂકી છે. ઓક્સિજન, દવાઓ, વેન્ટિલેટર સહિતની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે અને કોરોના વોર્ડ ફરીથી સક્રિય કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. કોરોના ટેસ્ટિંગ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.. અને જો કોઈ સંક્રમિત મળી આવે તો તેના જીનોમ સિક્વન્સિંગની તપાસ કરવા ખાસ સૂચના અપાઈ છે. જેથી દર્દીમાં કયા પ્રકારનો કોરોના છે તે જાણી શકાય. કોરોનાના સામે લડવા માટે જોરદાર તૈયારીઓ થઈ રહી છે. પરંતુ આ એક એવી મુશ્કેલી છે જેનું સમાધાન સરકાર એકલા હાથે કરી શકે એમ નથી. સામાન્ય જનતાએ પણ આ વિશે જાગૃત થવું પડશે.

## શિયાળુ સત્ર સમાપ્ત, ૭ દિવસ પહેલા બંને ગૃહો અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા

સંસદનું શિયાળુ સત્ર નિર્ધારિત તારીખના એક સપ્તાહ પહેલા ૨૩ ડિસેમ્બરે સમાપ્ત થયું હતું. શુક્રવારે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થઈને ૨૯ ડિસેમ્બરે સમાપ્ત થવાનું હતું, પરંતુ ક્રિસમસના કારણે ઘણા સભ્યોએ સત્રને સમય પહેલા સ્થગિત કરવાની વિનંતી કરી હતી.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ નીચલા ગૃહમાં કહ્યું કે ૧૭મી લોકસભાનું ૧૦મું સત્ર સમાપ્ત થઈ રહ્યું છે, જે ૭ ડિસેમ્બરથી શરૂ થયું હતું. તેમણે કહ્યું, ’આ સત્ર દરમિયાન ૧૩ મીટિંગ થઈ, જેમાં ૬૮ કલાક ૪૨ મિનિટ કામ થયું. આ સત્રની કાર્ય ઉત્પાદકતા લગભગ ૯૭ ટકા હતી.તેમણે જણાવ્યું કે સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવે સત્રમાં નવા ચૂંટાયેલા સભ્ય તરીકે શપથ લીધા.

બિરલાએ કહ્યું કે સત્ર દરમિયાન મહત્વપૂર્ણ નાણાકીય અને કાયદાકીય કાર્ય પૂર્ણ થયું. આ દરમિયાન, લોકસભાએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૩.૨૫ લાખ કરોડની અનુદાન માટેની પૂરક માંગણીઓ અને ૨૦૧૯-૨૦ માટે અનુદાન માટેની વધારાની માંગણીઓને મંજૂરી આપી હતી. ૧૦ કલાક ૫૩ મિનિટ સુધી ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન, ૯ સરકારી બિલ રજૂ કરવામાં આવ્યા હતા અને ગૃહ દ્વારા સાત બિલ પસાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સભ્યોએ શૂન્યકાળ દરમિયાન જાહેર મહત્વની ૩૭૪ બાબતો ઉઠાવી હતી. ઉપરાંત, નિયમ ૩૭૭ હેઠળ, સભ્યોએ ૨૯૮ મુદ્દા ઉઠાવ્યા હતા. રાજ્યસભાના શિયાળુ સત્રની બેઠક પણ મુલતવી રાખવામાં આવી હતી અને આ દરમિયાન ગૃહમાં ૧૦૨ ટકા કામકાજ થયું હતું. ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરતા પહેલા અધ્યક્ષ જગદીપ ધનખરે તેમના પરંપરાગત સંબોધનમાં કહ્યું કે આ સમયગાળા દરમિયાન કામ ૬૩ કલાક ૨૦ મિનિટ માટે નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે કામ ૬૪ કલાક ૫૦ મિનિટ માટે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ દરમિયાન ગૃહમાં ઘણા મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરવામાં આવી હતી અને પસાર કરવામાં આવી હતી અને ગૃહમાં ઘણી મહત્વપૂર્ણ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

### સરકારે સંસદમાં કહ્યું- રામસેતુનો કોઈ નક્કર પુરાવો નથી

## સેટેલાઈટ ઈમેજમાં ટાપુ-ચૂનાના પથ્થર દેખાયા, પુલ હોવાનો દાવો કરવો મુશ્કેલ



નવીદિલ્હી,

સરકારે સંસદમાં કહ્યું છે કે ભારત અને શ્રીલંકા વચ્ચે રામસેતુનો કોઈ નક્કર પુરાવો નથી. સ્પેસ મિનિસ્ટર જિતેન્દ્ર સિંહે ગુરુવારે રામસેતુ પર ભાજપ સાંસદ કાર્તિકેય શર્મા દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું- જે સ્થળો પર પૌરાણિક રામસેતુ હોવાનું માનવામાં આવે છે તેની સેટેલાઈટ તસવીરો લેવામાં આવી છે. છીછરા પાણીમાં ટાપુ અને ચૂનાના પથ્થરો દેખાય છે, પરંતુ દાવો કરી શકતા નથી કે આ રામસેતુના અવશેષો છે.

જિતેન્દ્ર સિંહે રાજ્યસભામાં કહ્યું, ’ટેકનોલોજીના માધ્યમથી અમુક હદ સુધી અમે પુલના ટુકડા, ટાપુ અને એક પ્રકારના ચૂનાના પથ્થરના ઢગલાને ઓળખવામાં સફળ થયા છીએ. અમે કહી શકતા નથી કે તે પુલનો ભાગ છે કે તેના અવશેષો.તેમણે કહ્યું- સ્પેસ મિનિસ્ટરી આ કામમાં લાગેલું છે. રામસેતુના શોધમાં અમારી કેટલીક મર્યાદાઓ છે. કારણ એ છે કે તેનો ઈતિહાસ ૧૮ હજાર વર્ષ જૂનો છે અને ઈતિહાસમાં જઈએ તો આ પુલ લગભગ ૫૬ કિલોમીટર લાંબો હતો.

ભારતના દક્ષિણપૂર્વમાં રામેશ્વરમ અને શ્રીલંકાના ઉત્તરપૂર્વમાં મન્નાર ટાપુ વચ્ચે, છીછરા ચૂનાના ખડકોની સાંકળ છે. તે ભારતમાં રામસેતુ અને વિશ્વભરમાં આદમના પુલ તરીકે ઓળખાય છે. આ પુલની લંબાઈ ૨૮ કિલોમીટર છે. આ પુલ મન્નારની ખાડી અને પાલ્ક સ્ટ્રેટને એકબીજાથી અલગ કરે છે. આ વિસ્તારમાં દરિયો ઘણો છીછરો છે. જેના કારણે અહીં મોટી બોટ અને જહાજો ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

કહેવાય છે કે ૧૫મી સદી સુધી આ સ્ટ્રક્ચર પર રામેશ્વરમથી મન્નાર દ્વીપ સુધી ચાલી શકાતું હતું, પરંતુ વાવાઝોડાએ અહીં સમુદ્રને ઊંડો બનાવ્યો, જેના પછી આ પુલ સમુદ્રમાં ડૂબી ગયો હતો. ૧૯૯૩ માં નાસાએ આ રામસેતુના સેટેલાઈટ ફોટો બહાર પાડ્યા હતા, જેમાં તેને માનવ નિર્મિત પુલ તરીકે વર્ણવવામાં આવ્યો હતો.૨૦૦૫માં મનમોહન સરકારે સેતુસમુદ્રમ નામની મોટી શિપિંગ કેનાલ પ્રોજેક્ટની જાહેરાત કરી. જેમાં રામસેતુના કેટલાક વિસ્તારોમાંથી રેતી ઉપાડીને ઉંડી કરવાની પણ વાત કરવામાં આવી હતી, જેથી વહાણ સરળતાથી પાણીમાં ઉતરી શકે. આ પ્રોજેક્ટમાં રામેશ્વરમને દેશનું સૌથી મોટું શિપિંગ પોર્ટ બનાવવાનો પણ સમાવેશ થાય છે. આનાથી અરબી સમુદ્ર અને બંગાળની ખાડી વચ્ચે સીધો દરિયાઈ માર્ગ ખુલશે. બિઝનેસમાં ૫૦૦૦ કરોડનો નફો થવાનો અંદાજ હતો.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ પુલની નીચે ટેકટોનિક પ્લેટોની નબળાઈને કારણે કોઈ પણ પ્રકારની છેડછાડ મોટી કુદરતી આફત લાવી શકે છે. પર્યાવરણશાસ્ત્રીનું કહેવું છે કે અહીં ૩૬,૦૦૦ પ્રકારના દુર્લભ દરિયાઈ જીવો અને છોડ છે. આ પુલ નષ્ટ થવાથી દુર્લભ જીવોની આ જીવસૃષ્ટિ સમાપ્ત થઈ જશે અને ચોમાસાનું ચક્ર પ્રભાવિત થશે.ભાજપ અને હિન્દુ સંગઠનોએ રામસેતુ પર માઈનિંગનો આરોપ લગાવીને વિરોધ કર્યો હતો. રામસેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવાની માગ કરી હતી. ૨૦૦૭માં સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે આ પુલ માનવ નિર્મિત હોવાના કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી. જ્યારે આ મુદ્દે વિરોધ અને ધાર્મિક લાગણીઓ ભડકી ત્યારે સરકારે તેનો કરાર પાછો ખેંચી લીધો હતો.

## સંજય રાઉતને CM બોમાઈનો જવાબ-તમે ચીનની જેમ ઘૂસી જશો, અમે સેનાની જેમ ભગાડીશું



બેંગ્લુરૂ,

મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચેના સરહદી વિવાદને લઈને શબ્દયુદ્ધ ઉગ્ર બન્યું છે. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ ઉદ્ધવ ઠાકરે જૂથના શિવસેનાના નેતા સંજય રાઉત પર નિશાન સાધતા તેમને દેશદ્રોહી ગણાવ્યા છે. વાસ્તવમાં, સંજય રાઉતે એક નિવેદન આપ્યું હતું જેમાં તેણે કહ્યું હતું કે જેમ ચીન ભારતમાં ઘૂસ્યું છે તે જ રીતે તેઓ કર્ણાટકમાં પણ પ્રવેશ કરશે. કર્ણાટકના મુખ્યમંત્રી અહીં જ ન અટક્યા, તેમણે ઉશ્કેરણીજનક નિવેદનો કરવા બદલ સંજય રાઉત સામે કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી. મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે સરહદ વિવાદને લઈને ઠાકરે જૂથના નેતાઓ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે લાંબા સમયથી શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે. આ પહેલા ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પર નિશાન સાધતા સીમા વિવાદ પર મૌન સેવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે જે રીતે મહારાષ્ટ્રની કંપનીઓને ચૂંટણી પહેલા ગુજરાતમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી તેવી જ રીતે મહારાષ્ટ્રના ગામડાઓ પણ તેમને આપવા જોઈએ. કર્ણાટક વિધાનસભા ચૂંટણી સોંપવામાં આવશે. હવે આ વિવાદમાં એક ડગલું આગળ વધીને સંજય રાઉતે કહ્યું છે કે, તેમની પાર્ટીના લોકો દક્ષિણ ભારતના રાજ્યોમાં એ જ રીતે ઘૂસશે જેવી રીતે ચીન ભારતીય સરહદમાં ઘૂસ્યું હતું. રાઉતે દિલ્હીમાં કહ્યું હતું કે, "જે રીતે ચીને (ભારતીય ક્ષેત્રમાં) પ્રવેશ કર્યો છે, અમે કર્ણાટકમાં પણ તે જ કરીશું." આ કરવા માટે અમને કોઈની પરવાનગીની જરૂર નથી. સરહદ વિવાદની ટીકા કરતા કર્ણાટક વિધાનસભામાં એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેને અવાજ મતથી પસાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન બોમાઈએ કહ્યું, ’હું તેને (સંજય રાઉત) ચીનનો એજન્ટ કહીશ. સંજય રાઉત દેશદ્રોહી છે. આ સંઘીય વ્યવસ્થામાં, જો કોઈ કહે છે કે તે ગેરકાયદેસર રીતે અન્ય રાજ્યમાં પ્રવેશ કરશે, તો તેનો અર્થ એ છે કે તે આ સિસ્ટમ તેમજ દેશની એકતા અને અખંડિતતાને ખતમ કરવાનું વિચારી રહ્યો છે. બોમ્માઈએ આગળ કહ્યું, ’એ વ્યક્તિને (સંજય રાઉત) દેશદ્રોહી સિવાય બીજું શું કહેવું? આવી ખરાબ વાતો કરનારાઓ પર અમે ધ્યાન નહીં આપીએ. તેઓને એક પૈસો પણ ખર્ચ થતો નથી. હા, જો તે આવું બોલતો રહેશે તો અમે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીશું. જો તેઓ ચીનની જેમ ઘૂસશે તો અમે તેમને પણ ભારતીય સૈનિકોની જેમ બહાર કાઢી નાખીશું.

## સિક્કિમમાં મોટી દુર્ઘટના, સેનાના જવાનોને લઈ જતો ટ્રક ખીણમાં પડ્યો, ૧૬ જવાનો શહીદ

સિક્કીમ,

ભારત-ચીન સરહદની નજીક નોર્થ સિક્કિમમાં ભારતીય સેનાનો ટ્રક ભીષણ રોડ દુર્ઘટનાનો શિકાર થઈ ગયો અને તેમાં ૧૬ જવાનો શહીદ થઈ ગયા છે. કહેવાય છે કે શુક્રવારે અચાનક આ ટ્રક રોડ પરથી લપસીને ખીણમાં પડ્યો હતો. આ દુર્ઘટનામાં ૧૬ જવાનો શહીદ થઈ ગયા છે, જ્યારે ૪ જવાન ઘાયલ થયા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ઘાયલોને ઉત્તરી બંગાળની એક સૈન્ય હોસ્પિટલમાં હવાઈ માર્ગેથી લઈ જવામાં આવ્યા હતા. રક્ષામંત્રી રાજનાથ સિંહે આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું કે, ઉત્તરી સિક્કિમમાં એક રોડ દુર્ઘટનામાં ભારતીય સેનાના જવાનોના જીવ જવા તે દુખદાયક છે. રાષ્ટ્ર તેમની સેવા અને કટિબદ્ધતા માટે હૃદયથી આભારી છે. શોક સંતપ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદનાઓ. જે લોકો ઘાયલ થયા છે, તેમને શીઘ્ર સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છીએ. દુર્ઘટનાગ્રસ્ત વાહન ત્રણ વાહનના કાફલામાં જોડાયેલુંહતું. જે ચટ્ટનથી સવારે થંગૂ તરફ જઈ રહ્યો હતો. જેમાના રસ્તામાં ટ્રક એક સાંકડા વળાંક પર ઢાળની નીચે પડ્યો. રેસ્ક્યૂ ઓપરેશન શરુ કરી દેવામાં આવ્યું છે. ૪ ઘાયલ સૈનિકોને હવાઈ માર્ગે હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

હાલોલ તાલુકા ખરીદ વેચાણ સંઘ

તરફથી અભીનંદન....

મુ. અરાદ, તા. હાલોલ, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ડી. આર. દલવાડી

તરફથી અભીનંદન....

મુ. મલાવ, તા. કાલોલ, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે સત્કાર સહ શૈક્ષણિક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

મહીસાગર,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આયોજિત સત્કાર સહ શૈક્ષણિક સવાદ સેતુ કાર્યક્રમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતમાં યોજાયો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે ઉપસ્થિત લોકોનું અભિવાદન ઝીલીને જણાવ્યું હતું કે, જન્મા-બાપને આભારી હોઈ છે અને વ્યક્તિનું જીવન ગુરૂજનને આભારી છે. જે દરેક શિક્ષકે મારૂ ઘડતર કર્યું છે. તે દરેક શિક્ષકોને હું આજે પણ યાદ કરૂં છું. શિક્ષક કર્મોથી બ્રાહ્મણ હોઈ છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બધા સાથે મળીને વિવિધ નવા પ્રોજેકટ, પ્રવુર્તિ, ઉપલબ્ધી અને ટેકનોલોજી સાથે નવી ઓળખ ઉભી કરી શિક્ષણ શ્રેત્રે આમૂલ પરિવર્તન લાવીશું અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાની દરેક શાળાઓ સ્વચ્છ રાખી સ્વચ્છ ભારત બનાવીએ તેવી ઉપસ્થિત શિક્ષકો અને બાળકોને અપીલ કરી હતી. પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરનું સ્વાગત પ્રતીક સ્વરૂપે ભગવતગીતા અને ફુલસ્કેપ ચોપડાથી કરવામાં આવ્યું હતું. અને મંત્રીને કલમ ફૂલથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. અને મંત્રી દ્વારા પ્રોત્સાહિત ઈનામ પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન પ્રાચાર્ય, ડાયટ સંતરામપુર ડો.કે.ટી.પોરાણીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદી દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંતરામપુર પ્રાંત અધિકારી કૌશિક જાદવ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અવનીબા મોરી, શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, રાજય પ્રાથમિક શિક્ષણ સંઘ મહામંત્રી સતિષભાઈ પટેલ સહિત આચાર્યઓ, શિક્ષકો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# સંતરામપુર PHCની ગાડી બગડતા કુટુંબ કલ્યાણના ઓપેરશનમાં આવતી મહિલાઓને મુશ્કેલીઓ ઉભી થઈ

સંતરામપુર,

સંતરામપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ગાડી રસ્તાની વચ્ચોવચ બગડી આરોગ્ય કેન્દ્ર દ્વારા કુટુંબ કલ્યાણનું ઓપરેશન માટે મહિલાઓને સંતરામપુર હોસ્પિટલમાં લાવવા માટે આવતી હોય છે. આજે આરોગ્ય વિભાગ દ્વારા માલવણ થી સંતરામપુર કુટુંબ કલ્યાણનું ઓપરેશન કરવા માટે મહિલાને આ સરકારી વાહનમાં લઈ જવા માટે અને લાવવા માટે આરોગ્યની ગાડી મૂકવામાં આવેલી હતી પરંતુ ગોધરા ભાગોળ વિસ્તારમાં રસ્તાની વચ્ચોવચ બગડી જતા મહિલાને મુશ્કેલી પડી બીજી ગાડીની વ્યવસ્થા કરીને તેના વતનમાં પહોંચાડવામાં આવી કલાકો સુધી આ ગાડી રસ્તો પડી જતા રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા. જ્યારે બીજી બાજુ સંતરામપુર તાલુકામાં ૧૨ પીએસસી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૮૫ સબ સેન્ટર હોવા છતાંય આરોગ્યની ગાડીના વ્યવસ્થાનો અભાવ જોવા મળતી હોય છે. કેટલીક ગાડીઓ જૂની હોવાના કારણે ઉપયોગ કરી શકાતો નથી. ત્યારે બીજી બાજુ કેટલીકને ડીઝલ લખાવવા માટેનો કે મરામત કરવા માટેના ઘણા મોટા પ્રશ્નો ઊભા થતા હોય છે. આરોગ્ય વિભાગના અત્યારે પણ દર્દીઓને લાવવા માટે ભારે હલકી ભોગવવી પડતી હોય છે. જ્યારે બીજી બાજુ એમ.એસ.ડબલ્યુ અને સ્ટાફને પણ ફિલ્ડવર્કમાં જવા માટે પોતાના વાહનનો ઉપયોગ કરવો પડતો હોય છે. જેથી કરીને સ્ટાફ વર્ગની પણ વાહનો વગર મુશ્કેલી વેઠી રહેલા છે. આવી પરિસ્થિતિ કડાણા અને સંતરામપુર તાલુકાની પરિસ્થિતિ જોવા મળી રહી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# ઝાલોદના સીમલીયા ગામે રોડ ઉપર મુસાફર ભરેલ છકડો પલ્ટી જતાં એક વ્યકિતનું મોત પાંચ ઈજાગ્રસ્ત

દાહોદ,

ઝાલોદ તાલુકાના સીમલીયા ગામે મોટા પાડલા ફળિયામાં રોડ પર ગતરોજ બપોરના સમયે પુરપાટ દોડી આવતા પેસેન્જરો ભરેલ છકડો પલ્ટી ખાઈ જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત છ જણાને ગંભીર ઈજાઓ થતા તે પૈકી એકનું સ્થળ પર જ મોત નિપજ્યાનું તેમજ પાંચ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. ગતરોજ દિનેશભાઈ સુરપાલભાઈ બારીયા નામનો ચાલક તેના કબ્જાના જી. ૨૦ ડબલ્યુ. ૫૦૮૨ નંબરના છકડામાં સવાર બેસાડી બપોરના એક વાગ્યાના સુમારે છકડો પુરઝડપે અને ગફલતભરી રીતે હંકાર લઈ આવતા ચાલક દિનેશભાઈ બારીયાએ છકડાનાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં છકડો રોડ પર પલ્ટી ખાઈ જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છકડાનો ચાલક દિનેશભાઈ બારીયા પોતાનાં કબ્જાનો છકડો રોડ પર મુકી નાસી ગયો હતો. જ્યારે છકડામાં સવાર મજલીબેન નારજીભાઈ નો હાથ ભાંગી જવા પામ્યો હતો. ગોમાભાઈ ગજસીંગભાઈ ડામોર, લલ્લુભાઈ ગલજીભાઈ બારીયા, મિનેશભાઈ મેતીયાભાઈ કિશોરી તથા મુકેશભાઈ જેતીયાભાઈ ડામોરને શરીરે ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી. જ્યારે ૫૫ વર્ષીય જામલાભાઈ કડકીયા કિશોરીને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ લીમડી પોલીસ ઘટના સ્થળેથી દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપ્યા હતા. જ્યારે મૃતક જામલાભાઈ કડકીયાભાઈ કિશોરીની લાશનો કબ્જો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પીએમ માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપી આ મામલે લીમડી પોલીસ છકડા ચાલક દિનેશભાઈ સુરપાલભાઈ બારીયા વિરૂદ્ધ ફેરલનો ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# કોરોનાના નવા વેરિયન્ટ સામે દાહોદ સુસજ્જ : સમીક્ષા બેઠક યોજાઇ

દાહોદ,

કોરોનાના નવા વેરિયન્ટ સામે દાહોદ જીલ્લો તમામ આરોગ્ય સુવિધાઓ સાથે સુસજ્જ છે. ત્યારે કલેક્ટર ડો હર્ષિત ગોસાવી અને જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની ઉપસ્થિતીમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગે દાહોદ સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

કલેક્ટરએ કોરોના સામેની સુરક્ષા માટે પ્રો-એક્ટિવ તૈયારીઓ કરવા તેમજ અગમચેતીના ભાગરૂપે તમામ વ્યવસ્થાઓથી સજ્જ થવા માટે આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓને સૂચના આપી હતી. જેમાં આઈ.એમ.એ. પ્રમુખ, ઝાયડસ હોસ્પિટલ સબ ડીસ્ટ્રીકટ, CHC હોસ્પિટલના અધિક્ષક અને તાલુકા હેલ્થ ઓફિસરને તમામ પ્રકારની વ્યવસ્થા કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. કલેક્ટરએ કોરોના સામે લોકોએ ગભરાયા વિના માસ્ક સહિતની સાવચેતીઓ અવશ્ય રાખવા જણાવ્યું હતું.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર પથકમાં ઠંડી નો ચમકારો જોવા મળ્યો છે. મહીસાગર જિલ્લાના મલેકપુર પંથકમાં અચાનક જ વાતાવરણમાં પલટો આવતા. હાલ છેલ્લા બે દિવસથી ઠંડીનો ચમકારો વધી રહ્યો છે ત્યારે વહેલી સવારથી જ મલેકપુરના બજારમાં ઠંડીથી રક્ષણ મેળવવા માટે ચાપડા નો સહારો લેતા યુવાનો તસવીરમાં નજરે પડે છે.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## પ્રમુખસ્વામી મહારાજ નગર



: અધ્યાત્મ અને આરોગ્ય દિન :

- સમાજના આંતર-બાહ્ય સ્વાસ્થ્યની જાળવણી માટે પ્રમુખસ્વામી મહારાજના અધ્યાત્મ અને ચિકિત્સાના સુમેળકારી અભૂતપૂર્વ પ્રદાનને મહાનુભાવોએ બિરદાવ્યું.
- અસંખ્ય લોકોના આધ્યાત્મિક આરોગ્યના રક્ષક એવા પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપતાં સમાજના આરોગ્ય અને ધાર્મિક ક્ષેત્રના મહાનુભાવો.
- પ્રમુખસ્વામી મહારાજ નગરમાં દર્શનાર્થીઓની સ્વાસ્થ્ય રક્ષા માટે કાળજીપૂર્વક આવરી લેવામાં આવી છે તમામ વિગતો.
- ઈઅડજ સંસ્થા દ્વારા સંચાલિત અનેકવિધ આરોગ્યધામો અને આરોગ્ય સેવાઓ દ્વારા નિરંતર ચાલી રહ્યો છે સ્વાસ્થ્ય રક્ષાનો યજ્ઞ.

BAPSના સ્વયંસેવકોનું સમર્પણ અસામાન્ય ઉત્સાહ અને એકતા બતાવે છે. ......લિએન્ડર પેસ

આજે અધ્યાત્મ અને આરોગ્ય દિનના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિરાટ સંધ્યા સભાનું આયોજન થયું હતું. જેમાં ભારતના આરોગ્ય અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ સાથે હજારો સંતો-ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજને સમાજના સ્વાસ્થ્ય રક્ષણ માટે અભૂતપૂર્વ કાર્યો કરવા બદલ શ્રદ્ધાંજલિ આપી હતી.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની નિશ્રામાં ઈઅડજ સંસ્થા દ્વારા સંચાલિત આરોગ્ય સેવાઓનો એક બૃહદ અધ્યાય છે.

પ્રમુખ સ્વામી મહારાજે ૭ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલોની સ્થાપના કરી હતી. ઉપરાંત ૧૧ નિઃશુલ્ક મોબાઈલ દવાખાનાઓ દ્વારા ૧ કરોડ જેટલાં રોગીઓની સારવાર કરવામાં આવી છે. અનેક રક્તદાન યજ્ઞો, નિઃશુલ્ક રોગનિદાન કેન્દ્રો અને વિભિન્ન સ્વાસ્થ્ય સેવાઓ દ્વારા પ્રમુખસ્વામી મહારાજે સમાજના સ્વાસ્થ્યની રક્ષા કરી છે. ૫૯ લાખ સીસી રક્તદાન પણ સંસ્થાની અનોખી સિદ્ધિ છે.

પ્રતિ સપ્તાહ આશરે ૨૮૮૦ જેટલું અંતર કાપતા ૧૪ મોબાઈલ દવાખાનાઓ દ્વારા ૧૩૩ ગામોના ૫૬ લાખ કરતાં વધુ લોકોને સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૨૨૭ જેટલાં રોગનિદાન કેન્દ્રો દ્વારા ૨,૯૧,૦૦૦ લોકોનું નિદાન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સ્વામીજીએ ૪૦ લાખ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપી સમગ્ર રાષ્ટ્રના આરોગ્યની રક્ષા કરી છે. બીજી બાજુ, તેમણે સમાજના આધ્યાત્મિક આરોગ્યની પણ ચિંતા કરી હતી. વિશ્વભરમાં ૧૨૩૧ જેટલાં મંદિરો, ૯,૫૦૦ કરતાં વધુ બાળ-યુવા કેન્દ્રો અને ૯૦૦૦ થી વધારે પુરૂષ-મહિલા સત્સંગ કેન્દ્રોની સ્થાપના દ્વારા સર્વેના આધ્યાત્મિક આરોગ્યને સશક્ત બનાવ્યું.

: પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત આરોગ્યસેવાના કાર્યને BAPS દ્વારા કોરોના સમયમાં અભૂતપૂર્વ રીતે હાથ ધરવામાં આવ્યું હતું. :

- જાનના જોખમે કોરોનાના દર્દીઓની સેવા કરતાં કોરોના વોરિયર્સ માટે ૧,૮૦,૦૦૦ થી વધારે પી. પી. ઈ કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- ૨,૦૦,૦૦૦ થી વધુ ગ્રામીણ-પછાત દર્દીઓની મોબાઈલ દવાખાના દ્વારા સારવાર કરવામાં આવી.
- ૨૫૦ થી વધુ હોસ્પિટલોને દેશ-વિદેશમાં વિવિધ સ્તરે સહયોગ આપવામાં આવ્યો.
- ૧,૦૦૦ થી વધુ હોસ્પિટલ બેડ્સનું દાન કરવામાં આવ્યું.
- ૫,૦૦૦ લિટરથી વધુ સેનીટાઈઝરનું દાન કરવામાં આવ્યું.
- તનની સાથે મન અને આત્માની તંદુરસ્તી માટે ૩૦,૦૦,૦૦૦ થી વધુ લોકોએ ઓનલાઈન સત્સંગનો લાભ મળ્યો.
- ૨,૫૬,૦૦૦ થી વધુ લોકોને ફોન કોલ્સ દ્વારા હૂંફ અને માર્ગદર્શન અપાયાં.
- ૧૧,૦૦૦ થી વધુ સ્વયંસેવકોએ વિવિધ સ્તરે સેવાઓ આપી.
- ૧૩૨ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજનની સાથે ક્રાયોજેનિક ટેન્કસ
- ૭૮ લાખ લિટર કરતાં વધુ ઑક્સીજનયુક્ત સિલિન્ડર્સનું વિતરણ
-૧૩૦૦ કરતાં વધુ ઑક્સીજન કોન્સનટ્રેટર્સનું અનેક સ્થળોએ વિતરણ

: પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સ્વાસ્થ્યની જાળવણી માટે :

- ડસ્ટ-ફ્રી વતાવરણનું સર્જન, નગરમાં અંદર ૨૦૦ એકર જગ્યામાં ૧ કરોડ કરતાં વધુ પેવર બ્લોક્સ
- પીવાનું શુદ્ધ પાણી પાણીની પરબમાં RO પાણી ઉપલબ્ધ
- નગરમાં નિશુલ્ક ૨૪ આરોગ્ય સહાય કેન્દ્રો, ૬ ફરતાં દવાખાના
- ૪૫૦ ભાઈઓ અને બહેનોનો મેડિકલ સ્ટાફ
- ત્રણ ઈમરજન્સી નંબર પર તાત્કાલિક મેડિકલ સેવા માટે સંપર્કની વ્યવસ્થા
- રોજના સરેરાશ ૧૫૦૦ કરતાં વધુ દર્દીઓની તપાસ, માર્ગદર્શન અને સારવાર
- ૧૦ સંતો અને ૨૧૫૦ સ્વયંસેવકો દ્વારા નિરંતર સ્વચ્છતા વિભાગ કાર્યરત

: સંધ્યા કાર્યક્રમ :

ભગવાનની ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. BAPS ના સંગીત વૃંદ દ્વારા દરદ મિટાયા મેરા દિલ કા કીર્તનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

BAPSના વિદ્વાન સંત પૂ. આદર્શજીવન સ્વામીએ પ્રમુખ ચરિતમ શ્રેણી હેઠળ પ્રમુખસ્વામી મહારાજના આરોગ્ય સેવામાં અધ્યાત્મના સંગમના વિલક્ષણ કાર્યને વર્ણવ્યું હતું, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રમુખસ્વામી મહારાજ ની ધૂન કરતી હસ્તમુદ્રા મૂકવામાં આવી છે જે દર્શાવે છે કે પ્રમુખસ્વામી મહારાજ હંમેશા ભગવાનની ધૂન અને પ્રાર્થના પર મદાર રાખીને કામ કરવાવાળા પુરૂષ હતા. પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રમુખસ્વામી મહારાજની જ્ઞાન મુદ્રા, વંદન મુદ્રા અને પૂજન મુદ્રા અને અન્ય મુદ્રાઓ આપણને તેમની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિનો પરિચય કરાવે છે.

ત્યારબાદ ઈઅડજ ની આરોગ્ય સેવાઓની ઝાંખી કરાવતી વીડિયો પ્રસ્તુત કરવામાં આવી હતી. ઈઅડજના વરિષ્ઠ સંત પૂ. આનંદસ્વરૂપ સ્વામી અને પૂ. ડોક્ટર સ્વામીએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

BAPS ના વરિષ્ઠ સંત પૂ. આનંદસ્વરૂપ સ્વામીએ જણાવ્યું, આજના સમયમાં ડોકટરોને પણ આધ્યાત્મિકતાની જરૂર છે.પ્રમુખસ્વામી મહારાજે કોઈ પણ શસ્ત્રક્રિયા કે સારવાર પહેલાં કે પછી ક્યારેય પણ દવા અંગે પૂછ્યું નહોતું કે ,‘‘આ દવા શેની છે ?‘‘ તેઓ એટલા સ્થિતપ્રજ્ઞ પુરૂષ હતા.

પ્રમુખસ્વામી મહારાજ હંમેશા કહેતા કે ‘‘અહમ્મ અને મમત્વ એ મનનો કચરો છે ’’ અને તેને દૂર કરવા માટે વિશ્વભરમાં સત્સંગ કેન્દ્રોની સ્થાપન કરીને સૌના આધ્યાત્મિક આરોગ્યની સંભાળ લીધી છે.

BAPS ના વરિષ્ઠ સદ્ગુરૂ સંત પૂ. ડોક્ટર સ્વામીએ જણાવ્યું, ભગવાને આપણને મનુષ્ય દેહ આપ્યો છે તેના ચાર પુરૂષાર્થ કીધા છે. જે અનુક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

જેમાં જીવનનો અંતિમ પુરૂષાર્થ એ મોક્ષ છે માટે જો આપણે તે ધ્યાનમાં રાખીશું તો શરીરની સંભાળ કઈ રીતે રાખવી તે સમજાશે કારણકે ઉત્તમ સ્વાસ્થ્ય એ જ સાચી સંપત્તિ છે.

ભગવાને આપણને જે શરીર આપ્યું છે તેની કિંમત અગણિત છે તો તેની કિંમત સમજવી જરૂરી છે માટે આપણે શરીરમાં ઓછામાં ઓછા રોગો થાય તેવી જીવનશૈલી રાખવી જોઈએ.

શુદ્ધ, શાકાહારી અને સાત્વિક ભોજન વડે આપણે આપણું સ્વાસ્થ્ય સારૂં રાખી શકીએ છીએ અને તેના માટે આહારશુદ્ધિ ખૂબ જરૂરી છે.

આજના કાર્યક્રમમાં અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

: મહાનુભાવો :

- પદ્મ શ્રી ડો અશ્વિન મહેતા ડિરેક્ટર, જસલોક હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર.
- પદ્મ શ્રી ડો તેજસ પટેલ, ચેરમેન એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ.
- ડો એમ શ્રીનિવાસ, ડિરેક્ટર, ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ.
- ડો રાજીવ મોદી, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કેડિલા ફાર્માસ્યુટિકલ્સ.

: સંધ્યા સભામાં મહાનુભાવોના ઉદ્ગારોના અંશો :

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આજે ૨૩ ડિસેમ્બર, શુક્રવારે યોજાયેલ કોન્ફરન્સમાં વક્તવ્યોના અંશો.

૧. પ્રોફેશનલ કોન્ફરન્સ : FICCI
Shaping the Future by Value Based Management
પૂ. બ્રહ્મવિહારી સ્વામી, BAPS

પ્રમુખસ્વામી મહારાજ નગર સ્વયંસેવકોની શ્રદ્ધાનો એક કેસ સ્ટડી છે. આ નગરની મુલાકાત લેતી વખતે આપના હ્રદયનો અવાજ સાંભળજો. હેસ્ટર બાયો સાયન્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર અને ગુજરાત FICCI ના Co.Chairman એવા શ્રી રાજીવ ગાંધીએ કેવી રીતે મૂલ્યો આધારિત મેનેજમેન્ટ જે-તે સંસ્થાના કર્મચારીઓની પ્રગતિમાં યોગદાન આપી શકે તેના પર માર્ગદર્શન આપ્યું.

એન્ટપ્રિન્યોર ઓર્ગેનાઇઝેશન, ગુજરાતના ગ્લોબલ કમિટી મેમ્બર એવા શ્રી ચિરંજીવ પટેલે જણાવ્યું, પ્રતિકૂળ હવામાનના વિઘ્નોની વચ્ચે પણ ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ પ્રમુખસ્વામી મહારાજ નગરની રચના કરી અશકયને શક્ય બનાવી દીધું. મૂલ્ય આધારિત મેનેજમેન્ટ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી શીખવાનું છે. મારા એક મિત્રએ પ્રમુખસ્વામી મહારાજને તેમના રેસ્ટોરન્ટ બિઝનેસસ વિષે વાત કરી ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેમને કહ્યું હતું કે તમારા કર્મચારીઓ સાથે નમ્રતા અને ભલાઈથી વર્તજો. પ્રમુખસ્વામી મહારાજે સ્વયંસેવકોના રૂપમાં વિશ્વમાં અધિકતમ સર્વન્ટ લીડર ની ભેટ ધરી છે. આ વિશ્વએ અગાઉ ક્યારેય આટલો સંગઠિત મૂલ્યનિષ્ઠ સમાજ નહીં જોયો હોય.

ડીપાર્ટમેન્ટ ઓફ ફોરેન અફેર્સ, BJP ના ઇન-ચાર્જ શ્રી વિજય ચૌથઈવલે એ જણાવ્યું, સંગઠનના પરિવર્તન અને સફળતા માટે આધ્યાત્મિક નેતૃત્વ જરૂરી છે.

ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઇન-ચીફ અને પ્રમુખ, શ્રી ગણપત પટેલે જણાવ્યું, આટલા વિશાળ સ્વયંસેવક દળને જોઈને મને પ્રતીતિ થાય છે કે પ્રમુખસ્વામી મહારાજે આ સઘળું પ્રેમ દ્વારા શક્ય બનાવ્યું છે. આ પ્રમુખસ્વામી મહારાજ નગરનું સંચાલન આટલું વ્યવસ્થિત રીતે થાય છે તેના મૂળમાં સ્વયંસેવકોની ભાવના છે; જેઓ કોણ સાચું છે તેના પર નહીં, પણ શું સાચું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

વિખ્યાત ટેનિસ પ્લેયર શ્રી લિએન્ડર પેસે જણાવ્યું, આજના ટેકનોલોજીના જમાનામાં જ્યારે લોકો સંવાદ ભૂલી રહ્યા છે ત્યારે આવા ભવ્ય સ્થાનના નિર્માણમાં જે સ્વયંસેવકો સમર્પિત થયા છે, તે તેઓનો અસામાન્ય ઉત્સાહ અને એકતા બતાવે છે. એ આપણી જવાબદારી છે કે ઉદ્યોગજગતમાં પણ મૂલ્યનિષ્ઠ વાતાવરણ અને સંવાદનું સર્જન થાય.

પૂ. ડો. જ્ઞાનવત્સલ સ્વામી,

પ્રમુખસ્વામી મહારાજે BAPS સંસ્થાને તેઓના મૂલ્યનિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા વિશ્વની શ્રેષ્ઠતમ NGO માંની એક બનાવી. પ્રમુખસ્વામી નગર મૂલ્યો અને પ્રેરણાઓનું નગર છે. જ્યારે તમે નૈતિક્તાથી પરિપૂર્ણ હો ત્યારે લોકોને પ્રભાવિત કરવા કોઈ કોઈ બાહ્ય દેખાવની આવશ્યકતા રહેતી નથી.

# હાલોલ કસ્બા વિસ્તારમાં કત્તલ કરેલ ગૌવંશ માંસ અને ૩ જીવતા પશુઓ મળી ૧.૪૬ લાખના મુદ્દામાલ સાથે ચાર ઈસમોને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલના કસ્બા વિસ્તારમાં ત્રણ અલગ અલગ સ્થળે મુંગા પશુઓના કત્તલ કરવામાં આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કત્તલ કરેલ ગૌવંશનું માંસ ૧૯૦ કિલો, કત્તલ કરેલ માંસ ૧૬૦ કિલો, ૩ જીવતા પશુઓ મળી ૧,૪૬,૪૫૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ૪ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ કસ્બા વિસ્તારમાં ખોખર ફળીયા, કરીમ કોલોની અને રામપુરી ફળીયામાં ત્રણ અલગ-અલગ જગ્યાએ ગૌવંશ અને મુંગા પશુઓના કત્તલ કરવામાં આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કત્તલ કરેલ ગૌવંશનું માંસ વજન ૧૯૦ કિલો, કત્તલ કરેલ માંસ વજન ૧૬૦ કિલો, જીવતી ભેંસ નંગ-૨, પાડો નંગ-૧ મળી જીવતા ત્રણ પશુઓ તગારા, ત્રાજવા, વજન કાંટલા મળી ૧,૪૬,૪૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે અબ્દુલ રસુલ ઘાંચી, ફિરોજખાન હુસેનખાન પઠાણ, જાહીરખાન હુસેનખાન પઠાણ, અખ્તરખાન હુસેનખાન પઠાણને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે બે ઈસમો પોલીસની રેઈડ દરમિયાન નાશી છુટીયા હતા. આ બાબતે હાલોલ પોલીસ મથકે પ્રાણી ક્રુરતા નિવારણ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

## આપની આજ.......

મેષ : આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ભોજનમાં જરા પણ બેદરકાર ના રહેશો. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

વૃષભ : આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે. કાર્યક્ષેત્રમાં તમને વિશેષ માન મળી શકે છે.

મિથુન : જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. આવા લોકોના પ્રોજેક્ટ્સ આજે સફળ થશે અને આજનો દિવસ ખૂબ રચનાત્મક રહેશે.

કર્ક : આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે અને આજે તમારું મન નવી યોજનાઓમાં વ્યસ્ત રહેશે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે.

સિંહ : તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો. કાર્યસ્થળમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયાસ કરી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો. આજુબાજુના લોકો સાથેનો મુકાબલો ટાળો જે વધુ સારું રહેશે.

વૃશ્ચિક : આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજની સુવર્ણ તક છે.

ધનુ : આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે. આજે તમારા પરિવારમાં સમૃદ્ધિ મળશે અને ભાગ્ય પણ તમને સાથ આપશે. કેટલાકને પોતાના માટે પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ : આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને સારા વર્તનથી તમે સમસ્યાઓનું નિવારણ લાવશો.

મીન : વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો રહેશે. સક્રિય રહો, સખત મહેનત કરો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના ૫૭ વર્ષીય આધેડ અમદાવાદ ખાતે બાયપાસ સર્જરી કરાવવા જતા કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તાલુકામાં ખળભળાટ



ફતેપુરા,
ફતેપુરા તાલુકાના શિક્ષક તરીકે ફરજ બજાવતા એક ૫૭ વર્ષીય આધેડ વ્યક્તિ અમદાવાદ ખાતે બાયપાસ સર્જરીના ઓપરેશન માટે ખાનગી દવાખાનામાં દાખલ થયા હતાં.જ્યાં ઓપરેશન પહેલા તેમના તમામ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. જેમાં કોરોનાના આંશિક લક્ષણો પણ જણાઈ આવ્યા હતા અને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારે તાલુકા આરોગ્ય વિભાગની ચિંતા પણ વધી જવા પામેલ છે અને આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. તેમજ આ વ્યક્તિ સ્થાનિક કક્ષાએ કોઈપણ વ્યક્તિના સંપર્કમાં નહીં આવ્યા હોવાની માહિતી મળતા રાહત અનુભવી છે.

પ્રાપ્તિ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના શિક્ષક તરીકે ફરજ બજાવતા એક ૫૭ વર્ષીય વ્યક્તિને હૃદયની તકલીફ હોય ૧૫ ડિસેમ્બર-૨૦૨૨ ના રોજ અમદાવાદ ખાતે ખાનગી દવાખાનામાં બાયપાસ સર્જરી કરાવવા માટે દવાખાનામાં દાખલ થયા હતા. જ્યાં ઓપરેશન પહેલા તેમના તમામ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જેમાં કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. કોરોના રિપોર્ટમાં કોરોનાના આંશિક લક્ષણો પણ જણાઈ આવ્યા હતા.અને કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. જેથી હાલ તેમનું ઓપરેશન પડતુ મૂકવામાં આવ્યું છે.અને તેઓને અમદાવાદ ખાતે જ હોમઆઈસ્યુલેશન હેઠળ રાખવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે.

જ્યારે ફતેપુરા તાલુકા હેલ્થ ઓફિસર ડો.સુરેશ અમલીયાર તથા તેમની ટીમ કોરોના પોઝિટિવ આવેલા વ્યક્તિના નિવાસ સ્થાને જઈ મુલાકાત લેતા તેમને ઘરના કોઈ સભ્ય મળી આવ્યા ન હતા. પરંતુ ટેલિફોન થી જાણકારી મેળવતા કોરોનાગ્રસ્ત વ્યક્તિની તબિયત સ્થિર હોવાનું અને સુધારા પર હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ આ વ્યક્તિના સંપર્કમાં કોઈ વ્યક્તિ આવ્યા નહીં હોવાનું પણ જણાવ્યું હતું. જેથી સ્થાનિક આરોગ્ય કર્મચારીઓને હાશકારો થયો હતો. કોરોનાનો કયો વેરિયન્ટ છે તે જાણી શકાય નથી. પરંતુ હાલ સુધારા પર છે. તેમજ હાલ કોરોનામાં સપડાયેલા આ વ્યક્તિએ આગળ બે ડોઝ લીધેલા છે. પરંતુ બુસ્ટર ડોઝ બાકી છે અને આ ડોઝ હાલમાં લીધેલ હોવાનું જાણવા મળે છે. ત્યારે કોરોના ડોઝ લીધા પછી પણ ફરીથી કોરોના થઈ શકે છે. તેના કિસ્સા ઉપરથી સમજી શકાય છે. ત્યારે કોરોના બાબતે તમામ વ્યક્તિઓએ સાવધાન રહેવાની આવશ્યકતા જણાઈ રહી છે.

# ઝાલોદ નગરના કાઉન્સિલર રજ્જાક પટેલ દ્વારા પોતાના વોર્ડમાં રસ્તો બનાવવા આગવી કુચ કરી




ઝાલોદ,
ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નંબર-૨ ના કાઉન્સિલર રજ્જાક પટેલ દ્વારા પોતાના વિસ્તારને જાહેર ઉપયોગમાં આવનાર રોડ નગરપાલિકાની મંજૂરી વગર તોડી પાડવામાં આવેલ હતો અને ત્યાં નવીન રોડ પોતાના ખર્ચે બનાવશે તેવું સાંભળવા મળ્યું હતું. પરંતુ નગર પાલિકાનો રોડ મંજૂરી વગર તોડતા નગર પાલિકાની મિલ્કતને નુકશાન કરતાં નગરપાલિકા દ્વારા તેનો ખુલાશો માંગવામાં આવેલ હતો. જો રજ્જાક પટેલ નોટિસનો જવાબ આપેલ મુદતમાં નહીં આપેતો તેમના પર કાયદેસરના પગલાં લેવા માટેની નોટિસ નગરપાલિકા દ્વારા ફટકારવામાં આવેલ છે.

રજ્જાક પટેલની તરફેણમાં તેમના જ વોર્ડનાં લોકો દ્વારા નગરપાલિકા ચીફ ઓફિસરને એક લેખિત અરજી આપેલ છે. તેમાં ત્યાં વસનાર સ્થાનિક રહેવાસીઓ દ્વારા માંડલી ફળિયામાં લખારવાડીઓ રોડ જે પહેલા બિસ્માર હાલતમાં હતો અને જેથી ત્યાંથી નીકળનાર રાહગીરને આવવા જવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ હતો. તેથી ત્યાંના સ્થાનિક રહેવાસીઓ તેમજ અવરજવર કરનાર રાહગીરોને ખૂબ જ તકલીફ પડતી હતી. રજ્જાક પટેલને ત્યાં રહેનાર સ્થાનિકો દ્વારા રસ્તો બનાવવા રજૂઆત કરેલ હતી. જેથી રજ્જાક પટેલને સ્વખર્ચે રસ્તો બનાવવા દેવા માટેની એક અરજી વોર્ડ નંબર-૨ નાં રહીશો દ્વારા નગરપાલિકાને આપવામાં આવેલ છે.

આવનાર નગર પાલિકાની ચૂંટણીને ધ્યાને રાખી દરેક નગરપાલિકાના કાઉન્સિલરો પોતાના વિસ્તારમાં કામો કરી લોકોની મન જીતવાનો પ્રયત્ન કરી રહેલ છે. દરેક વિસ્તારમાં અલગ અલગ કામો ચાલુ થતાં ચૂંટણી જીતવા માટેના પ્રયાશો દરેક કાઉન્સિલરો કરવાં લાગ્યાં છે. નગરપાલિકાના અમુક કાઉન્સિલરો દ્વારા નગર કે વિસ્તારની કોઈ કામગીરી જોવાઈ રહી ન હોવાથી આડેધડ કામગીરી કરતા અલગ અલગ વિસ્તારોમાં વિવાદો સર્જાઈ રહ્યા છે.

# ધાનપુર ખાતે તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું



ધાનપુર,
ધાનપુર ખાતે તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું. બાળ વૈજ્ઞાનિકોએ મોટી સખ્યાંમાં આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. પંચાયત કૃષિ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડે આ પ્રદર્શનનો આજે પ્રારંભ કરાવ્યો હતો અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યમંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, શિક્ષણ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. રાજ્ય સરકાર વિદ્યાર્થીઓની પ્રતિભા ખીલવવા માટે પ્રયાસરત છે ત્યારે જિલ્લામાં યોજાઈ રહેલા ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનું નિમિત્ત બને છે. બાળકોમાં રહેલી પ્રતિભા બાળપણથી જ જાણ થઈ જાય તો એ દિશામાં તેઓ ખૂબ આગળ વધી શકે છે. દેશમાં મેધાવી પ્રતિભા પ્રાપ્ત કરવામાં બાળપણથી જ આ પ્રકારના પ્રતિભા ખીલવતા કાર્યક્રમો મોટો ભાગ ભજવે છે.

તેમણે આ વેળા બાળકો દ્વારા વિવિધ કૃતિઓને રસપૂર્વક નિહાળી હતી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ વેળા ઉપસ્થિત મહાનુભાવો, અગ્રણીઓ તેમજ અધિકારીઓએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

જીસીઈઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દાહોદ પ્રેરિત તથા બી.આર.સી.ભવન ધાનપુર આયોજિત તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન તથા પર્યાવરણ પ્રદર્શન અહીંના વેડ ગામ ખાતે યોજાયું હતું. આ પ્રદર્શનની શરૂઆત શાળા કક્ષાએ કરવામાં આવી હતી. જેમાં શાળા કક્ષાએ પ્રથમ મૉડેલ બનાવવામાં આવ્યા જેમાંથી સી.આર.સી કક્ષા ૨૮૦ થી વધુ કૃતિઓ રજૂ કરવામાં આવી. જેમાંથી આજે ૭૫ જેટલી કૃતિઓ તાલુકો કક્ષાએ રજૂ કરાય હતી. જેની થીમ ટેક્નોલોજી અને રમકડા છે. આ પ્રદર્શન કુલ પાંચ વિભાગમાં યોજાયુ છે. માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીમાં ઉન્નતિ, ઈકો ફ્રેન્ડલી સામગ્રી, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પરિવહન અને નાવીન્ય વર્તમાન નાવીન્ય દ્વારા ઐતિહાસિક વિકાસ તેમજ ગણિત સહિતના પાંચ વિભાગોને કેન્દ્રમાં રાખીને બાળ વૈજ્ઞાનિકોએ કૃતિઓ તૈયાર કરી છે.

આ વિજ્ઞાન પ્રદર્શનમાં ટકાઉ વિકાસની ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. ટકાઉ વિકાસ એવા વિકાસ તરીકે વ્યાખ્યાચિત કરવામાં આવે છે. જે ભવિષ્યની પેઢીઓને પોતાની જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના વર્તમાન જરૂરિયાત પૂર્ણ કરે છે.

આ વેળાએ ધાનપુર તાલુકા પ્રમુખ કાંતાબેન બામણિયા, જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન દિનેશભાઈ બારીઆ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ, ડાયટ પ્રાચાર્ય આર.જે. મુનિયા, તાલુકા વિકાસ અધિકારી રસિકભાઈ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો. ધાનપુર સહિતના અધિકારીઓ તેમજ જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદના ધારાસભ્ય દ્વારા ટ્રાફિકની સમસ્યા નિવારણ માટે જીલ્લા કલેક્ટર અને જીલ્લા પોલીસવડા સાથે ચર્ચા કરાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ દાહોદના નવા ધારાસભ્ય અને તેઓની સાથે દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા દાહોદ શહેરમાં આવેલ બે જેટલા સ્થળોએ સ્થળ ચકાસણી કરવામાં આવી હતી અને દાહોદ શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણમાં માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

દાહોદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની રહે છે જ્યાં જુઓ ત્યાં ટ્રાફિકની સમસ્યાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. દાહોદ સહેરમાં કેટલાય સમયથી નગરજનો ટ્રાફિકની સમસ્યાથી ઝઝૂમી રહ્યાં છે. જેના નિવારણ માટે આજરોજ દાહોદ શહેરના એવા બે વિસ્તારો છે એમાં રોડ બનાવવા માટે કેટલાય પ્રશ્નો ઉભા થાય છે. જેમાં રામાનંદ પાર્કથી ઈન્દોર બાયપાસ માર્ગ અને બસ સ્ટેન્ડથી મુસ્લિમ સમાજના કબ્રસ્તાનથી ગોધરા રોડનો રસ્તો જેનું કામ કેટલાય સમયથી બંધ છે. જ્યારે આ બંન્ને માર્ગો બની તૈયાર થશે. ત્યારે કેટલીય હદે ટ્રાફિકની સમસ્યા હલ થશે એવુ માનવામાં આવી રહ્યું છે. હાલ દાહોદ શહેરનો એકજ એવો માર્ગ છે, જે સ્ટેશન રોડના નામે ઓળખાય છે. દાહોદ રેલ્વે સ્ટેશન અને દાહોદ બસ સ્ટેન્ડ જવાનો એકજ માર્ગ છે. જેમાં સરકારી બસો હોય કે પ્રાયવેટ ભારી ભરકમ વાહનો સ્ટેશન રોડનો ઉપયોગ કરતા હોય છે અને અવાર નવાર લોકો અકસ્માતોનો ભોગ પણ બનતા હોય છે. અગાઉ પણ જિલ્લા કલેક્ટર વિજય ખરાડી દ્વારા પણ એમના કાર્યકારી દરમિયાન આ વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી હાલ દાહોદ શહેરમાં દિન પ્રતિદિન વધી રહી છે એ તમામ સમસ્યાને ધ્યાને રાખી દાહોદ જિલ્લા કલેક્ટર ડો હર્ષિત ગોસાવી, દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નવા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નગરપાલિકા પ્રમુખ તેમજ નગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વહેલી તકે દાહોદ શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમશ્યા હલ કરવાની બાંહેધરી આપી હતી.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં મોક્ષધામ ખાતે સ્વૈચ્છીક સાફ સફાઈ અભિયાન કાર્ય હાથ ધરાયું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
માનવીનું અંતિમ ધામ એટલે મોક્ષ ધામ. લીમડી નગરમાં થોડા દિવસ અગાઉ નવીન મોક્ષ રથ માટેનું બીડું નગરના સામાજિક કાર્યકર્તાઓ દ્વારા ઉપાડવામાં આવ્યું હતું. થોડા દિવસોમાં જ નગરજનોનાં સહયોગથી નવિન મોક્ષ રથ માટેનું ફંડ ભેગું થઈ ગયેલ હતું. ત્યારબાદ નગરના કાર્યકર્તાઓ દ્વારા નવીન મોક્ષ રથ વાહન પણ લઈ આવવામાં આવી ગયેલ છે અને તેને હવે મોક્ષ રથ બનાવવા મોકલવા માટેનું આયોજન પણ કરવામાં આવી રહેલ છે. માણસના મૃત્યુ પછીનો છેલ્લો વિસામો એટલે મોક્ષ ધામ, લીમડી નગરના મોક્ષ ધામ ખાતે લીમડી નગરના કાર્યકર્તાઓ દ્વારા સાફ સફાઈ કરી જમીન સમતલ કરવાનું અભિયાન ચાલુ કરેલ છે. ત્યાં સ્વૈચ્છિક લોકો પોતાની સેવા આપી સ્થળ પર હાજર રહી કાર્યકર્તાઓ સાથે કામગીરી કરી રહેલ છે. નગરજનો આ સેવામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ કાર્યકર્તાઓમાં આત્મ વિશ્વાસનો વધારો કરાવી રહ્યા છે. કાર્યકર્તાઓ પણ મોક્ષ ધામને સારૂ બનાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. જેમાં નગરજનો દ્વારા સરસ સહકાર મળી રહ્યો છે.

# દાહોદ પ્રસંગ પાર્ટી પ્લોટ ગોવિંદનગર ખાતે દાહોદ તાલુકા ભારતીય જનતા પાર્ટીની અગત્યની આજે બેઠક મળી



દાહોદ,
તા.૨૫/૧૨/૨૦૨૨ રવિવારને સવારે ૧૦:૦૦ કલાકે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, ઝોન મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, વિજયતસવની ઉજવણી, ધારાસભ્યનું સન્માન કાર્યક્રમમાં પધારવાના હોઈ એના આયોજન માટેની બેઠકમાં દાહોદ ધારાસભ્ય જીલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના ઉપસ્થિતિમાં કરવામાં આવી. જિલ્લા, તાલુકા, હોદ્દેદારો જિલ્લા, તાલુકા મોરચાના હોદ્દેદારો, જિલ્લા, તાલુકા લડેલા, સરપંચ, ડે. સરપંચ, સંયોજકો, પ્રભારીઓ- બુથ પ્રમુખો મોટી સંખ્યામાં હાજર રહ્યાં.

# ઝાલોદ નગરનાં લીમડી ગૌરક્ષક દળ અને સંજેલી પોલીસની મદદથી કતલખાને થી બે ગૌવંશ બચાવી લેવાયા


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
લીમડી નગરનાં ગૌરક્ષક દળની ટીમને કરંબા ગામના છાયણ ફળિયામાં ગૌવંશ કતલ થવાની માહિતી મળી હતી. તે ત્યારે સહુ ગૌરક્ષક ટીમના કાર્યકર્તાઓ બાતમી મળેલ જગ્યાએ પહોંચી ગયેલ હતા.

સંજેલી તાલુકામાં કરંબા પાસેના ગામમાં તળાવ પાસેના એક મકાન માંથી ગૌરક્ષક દળને એક કતલ થયેલ ગૌમાતાનું માંસ તેમજ અન્ય બે જીવિત ગૌ માતા જોવા મળેલ હતી.

ઘટના સ્થળે ગૌ માંસ તેમજ જીવિત બે ગૌમાતા જોવા મળેલ હતા. ત્યારબાદ ગૌરક્ષક દળ દ્વારા સંજેલી પોલીસનો સંપર્ક કર્યો હતો. સંજેલી પોલીસ દ્વારા માહિતીને ગંભીરતા લઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયેલ હતી. સંજેલી પોલીસ અને ગૌરક્ષક દળના સંયુક્ત ઓપરેશનમાં ઘટના સ્થળે થી એક વ્યક્તિને નાસવા જતા પકડી લીધેલ હતો અને બીજો એક વ્યક્તિ ઘટના સ્થળેથી નાશી ગયેલ હતો.

સંજેલી પોલીસ અને ગૌરક્ષક દળની ટીમના કાર્યકર્તાઓ સહુ સાથે મળી જીવિત બંને ગૌ માતા તેમજ કતલ કરેલ ગૌ માંસને પોલીસ સ્ટેશનમાં લઈ આવેલ હતા. સંજેલી નગરના લોકોને આવી ક્રુર ઘટનાની માહિતી મળતા સંજેલી પોલીસ સ્ટેશન પર પહોંચી ગયેલ હતા. ત્યાર બાદ સમગ્ર લીમડી ગૌરક્ષક ટીમના કાર્યકર્તાઓ તેમજ માહિતી સંજેલી નગરના સહુ કાર્યકર્તાઓ દ્વારા ઘટનાને ગંભીરતા પૂર્વક લઈ કડકમાં કડક પગલાં લેવા પોલીસ પાસે માંગ કરવામાં આવેલ હતી. લીમડી નગરના ગૌ રક્ષક ટીમ દ્વારા તેમજ સંજેલી નગરના કાર્યકર્તાઓ દ્વારા પોલીસના ખૂબ જ સુંદર સહકાર માટે તેમનો આભાર માન્યો હતો.

# સંજેલીના કરંબા ગામે કત્તલ કરવાના ઈરાદે બાંધી રાખેલ બે ગૌવંશને જીવંત હાલમાં બચાવાયા

દાહોદ,
સંજેલી પોલીસે પોતાને મળેલ ગૌવંશની હત્યા અંગેની બાતમીને પગલે સજેલી તાલુકાના કરંબા ગામે પાટા પાસે આવેલ બે મકાનો રાત્રે ઓંચિતો છાપો મારી એક ઘરમાં કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલ બે ગૌવંશ જીવીત હાલતમાં ઝડપી પાડી તેમજ બીજા મકાનમાંથી ૧૫ કિલો ગ્રામ પશુ માંસ, તથા પશુની હત્યા કરવા માટે લોખંડની કુહાડી, સહિત રૂા. ૩,૫૦,૨૦ નો મુદ્દામાલ કબ્જે લઈ બે પૈકી એક ઈસમની ધરપકડ કર્યાનું તેમજ એક પોલીસનો છાપો જોઈ નાસી ગયાનું જાણવા મળ્યું છે.

સંજેલીના કરંબા ગામના ધુળાભાઈ મનજીભાઈ નિનામા તથા ભરતભાઈ સમસુભાઈ નિનામા એમ બંન્નેના ઘરોમાં ગૌવંશની કતલ કરાતી હોવાની પોતાને મળેલ બાતમીને આધારે સંજેલી પોલીસે ગતરોજ રાત્રે પોણા આઠ વાગ્યાના સુમારે ઓચિંતો છાપો મારતા ધુળાભાઈ મનજીભાઈ નિનામાના ઘર માંથી ગેરકાયદેસર કતલ કરવાનાં ઈરાદે ઘાસ ચારા કે પાણીની સગવડ વિના ગળે તથા પગે ટુકા દોરડા વડે મુશ્કેટાટ બાંધી રાખેલ એખ ગાય તથા બળદ મળી રૂા. ત્રીસ હજારની કિમતના બે ગૌવંશ મળી આવતા તે કબ્જે લઈ ભરતભાઈ સમસુભાઈ નિનામાના ઘરમાં છાપો મારી ઘરમાંથી રૂા. ૫,૦૦૦ ની કિમતનું ૧૫ કિલો ગ્રામ પશુ માંસ પશુઓને કાપવાની લોખંડની કુહાડી વગેરે પકડી પાડી પશુ માંસનું સેમ્પલ લઈ તે ગૌમાંસ છે કે અન્યું માસ છે. તેની ચકાસણી માટે સુરત એફએસએલમાં મોકલી આપી સંજેલી પોલીસ આ સંબંધે કરકંબા ગામના ધુળાભાઈ મનજીભાઈ નિનામા તથા ભરતભાઈ સમસુભાઈ નિનામા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલી તાલુકાના ગ્રામ્ય કક્ષાના પાણી પુરવઠા ઓપરેટરોની ૧૦ દિવસીય તાલીમ



દાહોદ,
દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના ગ્રામ્ય કક્ષાના પાણી પુરવઠાના બોર ઓપરેટરોની વાસ્મો દ્વારા દશ દિવસીય ટ્રેનીંગનો પ્રારંભ કરાયો હતો. જેમાં બોર ઓપરેટરોને પાણી વિતરણ વ્યવસ્થા કેવી રીતે ચલાવી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. જીવનમાં પાણીના ઉપયોગ કેવી રીતે કરવો તે બાબતે વાસ્મોના નિકુંજભાઈ વાળંદ(મેનેજર) અને કનૈયાલાલ, રાહુલએ વિશેષ માહિતી આપી હતી. આ તબક્કે આઈ.ટી.આઈ.ના ઈન્ચાર્જ ફોરમેન કે.કે. બેદી અને એચ.ગરવાલએ ઉપસ્થિત ઓપરેટરોને પાણી લક્ષી જ્ઞાન આપ્યું હતું. સંજેલી ખાતે યોજયેલા તાલીમમાં તાલુકા ના ગામડાઓને ઓપરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં e-KYC માટે ગ્રામ પંચાયતોમાં વ્યવસ્થા કરાઈ

દાહોદ,
પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૧૩ મહત્તમ લાભ લેવા માટે સરકાર દ્વારા EKYC ફરજિયાત કરવામાં આવેલું છે. Ekyc કરવા માટે લાભાર્થીએ નજીકના CSC કેન્દ્ર અથવા ગ્રામ પંચાયત ખાતે પોતાની થમ્બ ઈમપ્રેશન આપી અને મોબાઈલ ઉપર જે ઓટીપી આવે તે નાખી. Ekyc કરવાની પ્રક્રિયા છે. તેના માટે જિલ્લાના લાભાર્થીઓ નજીકની ગ્રામ પંચાયત અથવા સીએસસી કેન્દ્રનો સંપર્ક કરી શકે છે. આ Ekyc સમય મર્યાદામાં નહીં કરવામાં આવે તો ૩૧-૧૨-૨૦૨૨ પછીથી લાભાર્થીઓને જે આવનારો જાન્યુઆરી માસમાં ૨૦૦૦ રૂપિયાનો લાભ ચૂકવવામાં આવનાર છે, તે મળવાપાત્ર રહેશે નહીં. માટે તમામ લાભાર્થીઓને નમ્ર વિનંતી કરૂં છું કે, જો આપે હજુ સુધી આપનું Ekyc નહી કરાવ્યું હોય તો તાત્કાલિક કરાવી દેવા વિનંતી છે. બીજું જો કોઈ લાભાર્થી કામગીરી અર્થે અન્ય જિલ્લામાં ગયેલ હોય તો તેઓ પણ પોતાનું Ekyc જે તે જિલ્લાના નજીકની કોઈ ગ્રામ પંચાયત અથવા CSC કેન્દ્ર ખાતે આધારકાર્ડ અને મોબાઈલ લઈ જશે તો Ekyc ની કામગીરી ત્યાંથી પણ થઈ શકે છે, માટે જે લાભાર્થીઓ આ જિલ્લાની બહાર કામગીરી અર્થે ગયેલા હોય તેઓ પણ પોતાનું Ekyc કરાવવાં માટે જે તે જિલ્લાની નજીકની ગ્રામ પંચાયત અથવા સીએસસી કેન્દ્રનો સંપર્ક કરી અને Ekyc કરાવી લે. જો જિલ્લાના કોઈ પણ લાભાર્થીને કોઈ અગવડ પડે તો અમારી ખેતીવાડી શાખાના મોબાઈલ નંબર પર ૮૨૦૦૪૫૦૦૯૧ સંપર્ક કરી શકે છે. ગ્રામ્યકક્ષા અમારા ગ્રામ સેવકનું વિસ્તરણ અધિકારી ખેતી અથવા જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારીની ખેતીવાડી શાખાનો પણ EKYC કરવામાં કોઈ તકલીફ પડે તો સંપર્ક કરી શકે છે. માટે ફરીથી સર્વે લાભાર્થીઓ આપ ૩૧ ૧૨ ૨૦૨૨ પહેલા Ekyc કરાવી લે અને સરકારના યોજનાનો લાભ આપને ચાલુ રહે તે બાબતે સૌને નમ્ર અપીલ છે આભાર.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા અલીરાજપુર હાઈવે પર પાટીયા ઝોલના પુલ નજીક નવીન રોડની કામગીરી એક મોટું લોડીંગ ટ્રેલર ફસાઈ જતા મધ્યપ્રદેશથી ગુજરાતમાં આવતા તમામ વાહનો કલાકો સુધી ટ્રાફિક જામ ફસાયો હોવાનું જોવા મળ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.105

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા રાણી મસ્જીદ વછેસરવાળા મહોલ્લામાં ૨૫ ફુટ જેટલા રસ્તાની સરકારી જગ્યામાં દબાણો થતાં સાંકડો થયેલ રસ્તાના દબાણો હટાવી રોડ બનાવવા સ્થાનિકોની માંગ

- રસ્તાની ૨૫ ફુટ જગ્યા હોવા છતાં દબાણો કરી રસ્તો સાંકળો કર્યો હોય તેવા દબાણો સેહશરમ વગર દુર કરવામાં આવે.
- વછેસર મહોલ્લામાં રસ્તા ઉપર થયેલ દબાણો માટે પાલિકા ચીફ ઓફિસરને રજુઆત છતાં કાર્યવાહી થયેલ નથી.



ગોધરા,
ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં રાણી મસ્જીદ પાસે આવેલ વછેસરવાળા મહોલ્લા તરફ સરકારી રોડ રસ્તાવાળી જમીનમાં ગેરકાયદેસર દબાણો કરી દેવામાં આવ્યા છે. પાલિકા દ્વારા આ વિસ્તારમાં રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમાં અમુક દબાણો દુર કરવામાં આવ્યા છે. તેમ છતાં અમુક તત્વો દ્વારા કરવામાં આવેલ દબાણો દુર કરવામાં સેહશરમ રાખ્યા વગર દબાણો દુર કરીને ૨૫ ફુટનો રસ્તો પુરો બનાવવામાં આવે તેવી સ્થાનિક રહિશો ઈચ્છી રહ્યા છે.

ગોધરા શહેરના રાણી મસ્જીદ પાસે આવેલ મછેસરવાળા મહોલ્લાના સરકારી રોડ રસ્તાની ૨૫ ફુટ જેટલી ખુલ્લી જગ્યા આવેલ હોય પરંતુ આવા સરકારી રોડ રસ્તાની જમીન ઉપર દબાણો કરી દેવામાં આવતાં રસ્તો સાંકડો થઈ ગયેલ છે. હાલ પાલિકા તંત્ર દ્વારા રોડ રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે રસ્તા ઉપર કરવામાં આવેલ દબાણો હટાવીને રસ્તાની કામગીરી કરવામાં આવી રહી છે. પરંપુ વછેસરવાળા મહોલામાં સરકારી રોડ રસ્તાની જમીનમાં અમુક તત્વો દ્વારા સરકારી રોડની જમીનમાં ગેરકાયદેસરના દબાણો કરી દેવામાં આવ્યા છે. તેવા દબાણો પાલિકા તંત્ર દુર કરાવીને આ વિસ્તારમાં ૨૫ ફુટ પહોળો રસ્તો છે. તેવી સરકારી જમીન ખુલ્લી કરીને રોડની કામગીરી કરવામાં આવે તેવું સ્થાનિક રહિશો ઈચ્છી રહ્યા છે. સરકારી રોડ રસ્તાની જમીનમાં દબાણકર્તાની સેહશરમ રાખ્યા વગર પાલિકા તંત્ર ગેરકાયદેસરના દબાણો દુર કરાવીને રસ્તાની કામગીરી કરવામાં આવે તો સમય જતાં આ વિસ્તારમાં વિકાસલક્ષી યોજનાઓ માટે રોડ સાઈડોની જગ્યા ખુલ્લી રહે તેવું આયોજનબદ્ધ કામગીરી થાય તેમ છે. ત્યારે પાલિકા તંત્ર તેની ઉપર ખાસ ધ્યાન રાખે તે જરૂરી છે.

# પાવાગઢ ખાતે ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતી પરિક્રમા આજ થી શરૂ થઈ



પાવાગઢ,
સુપ્રસિદ્ધ યાત્રા ધામ અને શકિતપીઠ એવા પાવાગઢ ખાતે ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતી પાવાગઢ પરિક્રમા યાત્રાનો આજથી શુભારંભ થયો છે. આ યાત્રાનો વાઘેશ્વરી માતાજી મંદિરથી પરિક્રમા સમિતિ અને પદાધિકારીઓએ માતાજીના જય ઘોષ સાથે દેશ દુનિયા માંથી કોરોના મહામારી જલ્દી દુર થાય એવા સંકલ્પ સાથે પ્રસ્થાન કરાવ્યું હતું. પરિક્રમા યાત્રામાં મોટી સંખ્યા માં ગુજરાતભરના ખૂણે ખૂણે થી માઈભક્તો અને શ્રદ્ધાળુ ઓ જોડાયા છે.

પરિક્રમા હિન્દુ સંસ્કૃતિ ખુબ જ પવિત્ર યાત્રા માનવામાં આવે છે. શકિતપીઠો અને યાત્રાધામોની પરિક્રમાનું વિશેષ મહત્વ રહેલું છે. અંદાજિત ૭૦૦ થી વધુ વર્ષો થી ચાલતી પાવાગઢ પરિક્રમા કાળક્રમે સંજોગો અને પરિસ્થિતિઓને આધીન આ યાત્રા સુસુપ્ત અવસ્થામાં હતી. જેને છ વર્ષ થી પાવાગઢ પરિક્રમા સમિતિ જીવંત કરવામાં આવી છે. પાવાગઢના વાઘેશ્વરી મંદિર થી પગપાળા પરિક્રમાનું પ્રસ્થાન કરાવવા આવ્યું હતું. જેનું સમાપન યાત્રા પથમાં આવતા સ્થાનોના દર્શન કરી પાવાગઢ ડુંગર પર આવેલ નિજ મંદિર ખાતે થાય છે. ઐતિહાસિક મહત્વ ધરાવતી આ યાત્રાનો ઈતિહાસ કહે છે કે, પાવાગઢના રાજવીઓ પણ આ પવિત્ર પરિક્રમામાં જોડાતા હતા અને પરિક્રમા બાદ નિજ મંદિરે દર્શન કરવાનું વિશેષ મહત્વ છે. આજથી પ્રારંભ થયેલી પાવાગઢની ૪૪ કિ.મીની પગપાળા યાત્રામાં મોટી સંખ્યામાં આસ્થાળુઓ જોડાયા હતા. પંચમહાલ જિલ્લાના સંતો ધારાસભ્ય સહીત સ્થાનિક અગ્રણીઓ તેમજ પાવાગઢ પરિક્રમા સમિતિના સભ્યો તેમજ સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓ માંથી આવેલ યાત્રિકો અને સ્થાનિક લોકોએ ભાગ લીધો હતો.

# શહેરા બોરડી ગામે તબેલા પાસે સુકા ઘાસમાં આગ લાગતાં ૧૫ પશુઓ બચાવી લેવાયા જ્યારે ઘાસની ગાંસડીઓ બળી જતાં નુકશાન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના બોરડી ગામના અંબે માતાજીના મંદિરની પાછળ આવેલા એક રહેણાંક મકાન પાસેના પશુઓ બાંધેલા તબેલામાં સૂકા ઘાસમાં ઓચિંતી આગ લાગી હતી. સ્થાનિક લોકો તેમજ શહેરા અને લુણાવાડા નગર પાલિકાના ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો શરૂ કરતા ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવવા સાથે ૧૫ જેટલા પશુઓનો આબાદ બચાવ થયો હતો. ગ્રામ પંચાયતના તલાટી અલ્પેશ પટેલ સમક્ષ તબેલા માલિકે ૩,૦૦૦ સૂકા ઘાસની ગાંસડિઓ તેમજ લોખંડના પતરા મળીને રૂપિયા ત્રણ લાખ કરતા વધુ નુકશાન આ આગની ઘટનામાં થયું હોવાનું જણાવ્યું હતું.

શહેરા તાલુકાના બોરડી ગામના અંબે માતાજીના મંદિર પાછળ રહેતા દિલીપભાઈ શાંતિલાલ પટેલના પશુઓ બાંધવાના તબેલામાં કોઈ કારણસર આગ લાગી હતી. અહીં સુકુ ઘાસની અંદર આગ લાગતા તે સમયે અફરા તફરીનો માહોલ સર્જાવા સાથે આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળતા ફળિયાના રહીશો દોડી આવ્યા હતા. જ્યારે જાગૃત નાગરીક દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરવા સાથે સ્થાનિક લોકો દ્વારા પાણીનો મારો શરૂ કરી દેવા સાથે અંદર બાંધેલા તમામ પશુઓને બચાવી લઈને ખુલ્લી જગ્યામાં લઈ જવામાં આવ્યા હતા. આગ લાગેલ જગ્યાએ અંદર સૂકા ઘાસની ગાંસડીઓ હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અન્ય જગ્યાએ આગ લાગી શકે તેવી શકયતા જોવાઈ રહી હતી.આગ લાગેલા સ્થળ ખાતે લુણાવાડા અને શહેરા નગર પાલિકાનું ફાયર ફાઈટર આવી જતા ઈન્ચાર્જ ફાયર ઓફિસર જીતેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ મહેશ સોલંકી સહિત સ્ટાફએ પાણીનો મારો શરૂ કરતાં ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. જોકે, રહેણાંક વિસ્તારમાં પશુ બાંધવાના તબેલામાં આગ લાગવાના કારણે સૂકા ઘાસની ગાંસડીઓ સહિત અન્ય ચીજ વસ્તુઓને નુકશાન થતા ખેડૂત પરિવાર ભારે ચિંતિત થયો હતો. ગ્રામ પંચાયતના તલાટી અલ્પેશ પટેલ સ્થળ ખાતે પહોંચી જઈને પંચકેસ સહિતની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે તબેલા માલિક દિલીપ પટેલ એ તલાટી કમ મંત્રી અલ્પેશ પટેલ સમક્ષ તબેલામાં આગ લાગવાથી ૩,૦૦૦ સૂકા ઘાસની ગાંસડિઓ અને લોખંડના પતરા સહિત અન્ય ચીજ વસ્તુઓ મળીને ત્રણ લાખથી વધુનુ નુકશાન થયુ હોવાનું જણાવ્યું હતું. પતરાવાળા પશુ બાધવાના તબેલામાં કયા કારણસર આગ લાગલ તેનું કારણ જાણી શકાયું ન હોય પણ ઓચિંતી અહીં લાગેલી આગના કારણે ભલે નુકશાન થયુ હોય પણ ૧૫ જેટલા પશુઓનો આબાદ બચાવ પણ થયો હતો. સંબંધિત તંત્ર દ્વારા મળવાપાત્ર સહાય ખેડૂત પરીવારને વહેલી તકે મળે તેવી કાર્યવાહી હાથ ધરે તે પણ જરૂરી છે.

# પંચમહાલ જીલ્લાના હાલોલ-કાલોલના ૭ ગામોમાં સ્વચ્છ ભારત મિશન ફેઝ-૨ અંતર્ગત ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટનું ખાતમૂર્હત કરાયું



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ ફેઝ–૨ જીલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી પંચમહાલના સહયોગથી પ્રવાહી કચરા વ્યવસ્થાપન ગ્રે–વોટર મેનેજમેન્ટ યુનિટ (વેકચા મૉડેલ પ્રોજેક્ટ) હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર અને કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના હસ્તે બે તાલુકાના ૭ ગામોમાં ગ્રે–વોટર મેનેજમેન્ટ યુનિટનું ખાતમૂર્હત કરવામાં આવ્યું.

પંચમહાલ જીલ્લાના હાલોલ અને કાલોલ તાલુકાના ૭ ગામોમાં જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી.આર.પટેલ સહિતના ગ્રામજનો લોકોની હાજરીમાં આ પ્રોજેકટનું ખાતમૂર્હત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ તમામ યુનિટ છ મહિનામાં તૈયાર થશે. હાલોલના કંજરી ગામે ૪૧૧૮ની વસ્તી ધરાવે છે. જ્યાં ગટર લાઈન ધરાવતા ૧૧૪૫ કુટુંબો છે. જ્યાં ૨૫૦કે.એલ.સી. ધરાવતો પ્લાન્ટ આકાર પામશે. હાલોલના બાસ્કા ગામે ૪૧૮૮ કે.એલ.ડી. ધરાવતો પ્લાન્ટ બનશે. કોટામેંડા ગામે ૧૨૦૦ વસ્તી ધરાવે છે. ગટર લાઈન ૨૦૦ કુટુંબો છે. ૧૬૦ કે.એલ.સી.ના પ્લાન્ટ બનશે. કાલોલના સમા ગામની ૨૭૪૬ની વસ્તી જ્યાં ગટર લાઈન ધરાવતા ૪૯૦ની સંખ્યા છે. ૨૦૦ કે.એલ.ડી. ધરાવતો પ્લાન્ટ બનશે. બોરુ ગામે ૨૪૦૮ વસ્તી ધરાવે છે. જ્યાં ગટર લાઈન ૩૮૨ કુટુંબો ધરાવ છે. ૨૦૦ કે.એલ.ડી. ધરાવતો પ્લાન્ટ બનશે. ડેરોલ ગામ ૪૭૭૪ વસ્તી આવેલ છે. ૫૨૦ કુટુંબો ગટર લાઈન ધરાવે છે. જ્યાં ૨૬૦ કે.એલ.સી. ધરાવતો પ્લાન્ટ બનશે. કાતલો ગામની ૧૯૪૨ની વસ્તી સામે ૫૪૬ કુટુંબો ગટર લાઈન ધરાવે છે. જ્યાં ૨૦૦ કે.એલ.સી.નો પ્લાન્ટ બનશે. ગામમાં ગટર માંથી નિકળતું ગંદુ પાણી આઉટલેટ મારફતે છુટુ તથા તળાવ, કોતર, નદીમાં છોડવામાં આવશે. જેથી ગંદકી કીચડ અને મચ્છર ઉત્પન્ન થાય તો બિમારીઓની સંભાવના રહેલી છે. તેવા સ્થળે ગ્રે–વોટર ટ્રીટમેન્ટ યુનિટ થકી ગંદા પાણીની શુદ્ધિકરણ કરી પાણીને ઈરીગ્રેશનમાં અથવા રીચાર્જમાં ઉપયોગમાં ખાતર પણ ઉત્પન્ન કરી વેચાણ કરી શકાય છે.

# ગોધરાના જાફરાબાદ ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પર વિશેષ જન સંપર્ક કાર્યક્રમ યોજાયો



ગોધરા,
કેન્દ્રીય સંચાર બ્યુરો ગોધરા, દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન સ્વામિનારાયણ સ્કૂલ જાફરાબાદ, ગોધરા ખાતે કરવામાં આવ્યું. રાષ્ટ્રીય ભાવના નો સંચાર કરવાના ઉદ્દેશ સાથે આયોજિત થયેલ આ કાર્યક્રમમાં સ્વચ્છ ભારત, પોષણ અભિયાન, બાળ આરોગ્ય તેમજ ઉર્જા બચાવો જેવા સરકાર ના જન કલ્યાણ કાર્યક્રમ પર ઉપસ્થિત જન સમુદાયને માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. કાર્યક્રમમાં સ્વામિનારાયણ હાઈસ્કુલ જાફરાબાદ કેળવણી મંડળના પ્રમુખ કે.કે. પટેલ, પંચમહાલ જિલ્લાના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, પરમાર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાંપાના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના અધિકારી માસ્તર તેમજ આરોગ્ય અધિકારી ડોકટર કોમલબેન બ્રહ્મભટ્ટ સ્વામિનારાયણ હાઈસ્કુલના આચાર્ય રાજુભાઈ ચૌહાણ તેમજ મહિલા બાળ વિકાસ વિભાગ ગોધરાના અધિકારી જયાબેન પરમાર તેમજ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય સંચાર બ્યૂરો ગોધરા, દ્વારા આ યોજિત આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા વિષયને અનુરૂપ ભવાઈ કાર્યક્રમનું આયોજન કરી સ્વતંત્રતા સંગ્રામ, ઉર્જા બચાવો, સ્વચ્છ ભારત, પોષણ વગેરે વિષય પર જાગૃતિ લાવવામાં આવી હતી. આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતે સ્વચ્છતાના સામૂહિક શપથ ઉપસ્થિત જન સમુદાયને લેવડાવ્યા હતા. ઉપસ્થિત જનસમુદાયને સ્વછતા અભિયાનમાં પોતાનું શ્રમદાન આપવા અનુરોધ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# ઘોઘંબા તાલુકાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ દર્શન રીંછવાણી પ્રાથમિક શાળા ખાતે યોજાયું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજિત ઘોઘંબા તાલુકાનું વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શન દર્શન યોજવામાં આવ્યું. જેમાં ૧૯ જેટલા કલસ્ટર માંથી ૯૫ જેટલી કુતિઓ બાળવૈજ્ઞાનિકો રજૂ કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકો અને શિક્ષકોના માર્ગદર્શનથી ઉત્તમ કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવેલ છે.

વિજ્ઞાન ગણિત–પર્યાવરણ પ્રદર્શનમાં કાલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ ગોધરાના ચેરમેન રમેશભાઈ રાઠવા, તાલુકા પંચાયત ઘોઘંબાના પ્રમુખ રંગેશ્વરી બેન રાઠવા, રાઠવા, જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા પંચાયત સદસ્યો તથા તાલુકા સંગઠનના વિવિધ હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ સાથે સાથે પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ અને મહામંત્રી તથા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ તથા મહામંત્રી અને બાળકોને માર્ગદર્શન આપનાર શિક્ષકો અને આચાર્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા ઘોઘંબા તાલુકાના શિક્ષકોને પણ શિક્ષણની ગુણવત્તા વધારવા માટે કર્યું હતું.

રીંછવાણી પ્રાથમિક શાળાના આચાર્ય ભરતભાઈ અને બી.આર. સી. કોઓર્ડીનેટર પ્રવિણસિંહ સોલંકી દ્વારા આભાર વિધિ અને સંકલન કરવામાં આવેલ હતું.

પ્રોત્સાહક બેડ સ્વરૂપે સહયોગમાં આર.બી. કાર્સ ગોધરા, મૈત્રી મંડળ ટ્રસ્ટ આણંદ વડોદરા મુંબઈ, એચડીએફસી બેન્ક, ટીચર્સ કો–ઓપરેટીવ સોસાયટી ઘોઘંબા, પ્રાથમિક શિક્ષક સંઘ અને અન્ય મહાનુભાવો દ્વારા બાળકોને પ્રોત્સાહિત ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા.

# હાલોલ ધારાસભ્યનું ફેસબુક પેજ હેંકરો દ્વારા હેક કરતાં સાયબર ક્રાઈમમાં ફરિયાદ

હાલોલ,
હાલોલ ધારાસભ્યનું ફેસબુક પેજ ૭ ડિસેમ્બરના રોજ હેક થયું હતું. આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારનું ફેસબુક એકાઉન્ટ ૭ ડિસેમ્બરથી હેંકરો દ્વારા કરવામાં આવ્યું હતું. અજાણ્યા હેકરો દ્વારા ધારાસભ્યનું ફેસબુક હેંક કરવાના મામલે પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા સાયબર ક્રાઈમ હેંકરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

# ગોધરા-અમદાવાદ હાઈવે વાવડી ખુર્દ ગામ પાસે મધ્યપ્રદેશ તરફ જતી ખાનગી બસ પલ્ટી જતાં ૩૦ મુસાફરોને ઈજાઓ



ગોધરા,
ગોધરા–અમદાવાદ હાઈવે રોડ વાવડી ખુર્દ નજીક ખાનગી લક્ઝરી બસને અકસ્માત નડયો હતો. અકસ્માતમાં ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર થી ખાનગી લક્ઝરી બસ જે અમદાવાદ થી મધ્યપ્રદેશ તરફ જતી હતી. તે વખતે ગોધરા નજીક વાવડ ખુર્દ ગામ પાસે લક્ઝરી બસના ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવ્યો હતો. જેને લઈ બસ રોડ સાઈડમાં પલ્ટી ખાઈ ગઈ હતી. બસ પલ્ટી જતાં બસમાં સવાર ૩૦ ઉપરાંત મુસાફરોને નાની–મોટી ઈજાઓ થવા પામી હતી. ખાનગી લકઝરી બસ પલ્ટી જતાં સારવાર મુસાફરોને ઈજાઓ થતાં સ્થાનિક લોકો મદદે આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોકલવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરી ૧૦૮ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ખાનગી બસ પલ્ટી જવાના બનાવમાં સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# ગોધરા ભુરાવાવ નાલંદા સ્કુલ પાસે સર્યુવીલા સોસાયટીમાં પીવાના પાણીની લાઈન લીકેજને લઈ રસ્તા ઉપર ઠલવાતા પાણીથી રહિશો પરેશાન



## પાલિકા તંત્ર સર્યુવીલામાં પાણીની લીકેજ પાઈપ લાઈનની મરામત કરાવે તેવી માંગ

ગોધરા,
ગોધરા ભુરાવાવ વિસ્તાર નાલંદા સ્કુલ પાસે આવેલ સર્યુવીલા સોસાયટી વિસ્તારમાં પાલિકા દ્વારા પીવાના પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે. આ પાઈપ લાઈનોમાં લીકેજના કારણે રસ્તા ઉપર પાણી ઠલવાતા રસ્તામાં કાદવ–કીચડને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના નાલંદા સ્કુલ પાસે સર્યુવીલા સોસાયટી આવેલ છે. આ વિસ્તારના રહિશોને પીવાના પાણીની સુવિધા માટે પીવાના પાણીની પાઈપ લાઈન છ મહિના પહેલા નાખવામાં આવી છે પરંતુ પીવાના પાણીના પાઈપ લાઈનનું ગુણવત્તાવાળી કામગીરી કરવામાં આવી નથી અને વેઠ ઉતારી હોય જેને લઈ સર્યુવીલા સોસાયટીમાં વહેલી સવારે પાણી આવતાં પાણીની પાઈપ લાઈનો લીકેજ હોવાથી રોડ ઉપર પાણી ઠલવાય છે. જેને લઈ રસ્તા ઉપર કાદવ–કીચડને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. સર્યુવીલા સોસાયટીના રહિશો પાલિકાના અણઘડ વહિવટને લઈ ભરશિયાળામાં પણ ચોમાસાની સીઝન જેવી સ્થિતીમાં રસ્તા ઉપરથી પસાર થવા મજબુર બન્યા છે. ત્યારે પાલિકા તંત્ર ભુરાવાવ નાલંદા સ્કુલ પાસે આવેલ સર્યુવીલા સોસાયટીમાં પીવાના પાણીના લીકેજ લાઈનોનું રીપેરીંગ કરાવીને રહિશોને પડતી મુશ્કેલીઓનો હલ કરે તેવી માંગ કરવામાં આવી છે.

# ગોધરા તાલુકાના છારીઆ ખાતે રાષ્ટ્રીય કિસાન દિવસ નિમિતે કિસાન જાગૃતિ સ્નેહ મિલન યોજયો



ગોધરા,
ગોધરા તાલુકાના છારીઆ ગામે બ્રહ્માકુમારી તથા ગ્રામ વિકાસ વિભાગ (આર.ઈ.આર.એફ.) દ્વારા છારીઆ ગામે આવેલ રાષ્ટ્રીય કિસાન દિવસે ઉપલક્ષી કિસાન જાગૃતિ સેન્ટર મિલનનું આયોજન કરવામાં આવ્યું.

ગોધરા તાલુકાના છારીઆ ગામે રાષ્ટ્રીય રેટ્રીટ સેન્ટરનું સ્થાન સુંદર અને પ્રાકૃતિક રીતે સંપન્ન સ્થાન છે. જ્યાં કિસાન જાગૃતિ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું. તેવા કાર્યક્રમ અવારનવાર થવા જોઈએ. તેવું છારીઆના સરપંચે જણાવ્યું હતું. પંચમહાલ, મહિસાગર અને દાહોદ જીલ્લાના બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય સંચાલિકા રાજ્યોગીની બ્રહ્માકુમારી સુરેખા દીદીએ પોતાના આર્શીવચનમાં જણાવ્યું કે, રોટી–કપડાં અને મકાન પ્રાથમિક જરૂરીયાત છે. વૃક્ષો અને ખેતી આધારીત સાત્વિક પોષ્ટીક શુદ્ધ અનાજ ભોજન જરૂરી છે. કિસાનો ઓર્ગેનીક કૃષિ પદ્ધતિ અપનાવે તેની ઉપર ભાર મુકવામાં આવ્યો.